# બુદ્ધિપ્રભા



હે પ્રાણી ! [illegible]

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીજી



સંસ્થાપક : પ્રશાન્તમૂર્તિ આચાર્યપ્રવર શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજીના સાનિધ્યમાં પન્યાસપ્રવર શ્રી મહોદય સાગરજી ગણિવર્ય.

# ખાસ સુચના

વાર્ષિક ગ્રાહકોનું લવાજમ દીવાળી અંક ૧૨માએ પુરૂં થાય છે. જેઓનું લવાજમ હજુ પણ બાકી છે તેઓએ તુરતજ તે મોકલી આપવું. આપનો પત્ર નહિ આવે તો આપને ગ્રાહક તરીકે ચાલુ ગણવામાં આવશે અને જેમનું લવાજમ બાકી છે તેઓનો કોઈ પત્ર કે લવાજમ ડીસેમ્બરની આખર સુધીમાં નહિ આવે તો આવતો અંક વી. પી.થી રવાના કરવામાં આવશે.

---

# એક ખુશખબર

પ્રથમ વરસમાં થયેલા "બુધ્ધિપ્રભા"ના તમામ ૧-૨-૩-૫ વરસના ગ્રાહકોને એક ભેટ પુસ્તક આપવામાં આવનાર છે.

**નીચેની વિગતો જેની આવી ગઇ હશે તેઓને જ તેનો લાભ મળશે**

(૧) જેટલા વરસના તમે ગ્રાહક હો તેટલા વરસનું લવાજમ ભરપાઈ થઇ ગયું હશે. અને

(૨) આ ચાલુ વરસે પણ ગ્રાહક સભ્ય તરીકે આપનું નામ ચાલુ રહેશે, તેમજ

(૩) આ ચાલુ વરસનું લવાજમ પણ કાર્યાલયમાં મોકલી દીધું હશે.

તો આપ ઉપરની વિગતો સત્વરે ચોક્કસ કરી દર્શનીય, સચિત્ર ને આકર્ષક એવું ભેટ પુસ્તક અચૂક મેળવો.

---

## આ અંકનું શબ્દ સ્થાપત્ય


(૧) ચિંતન કણિકાઓ....

(૨) સમય હિસાબ માગે છે....

(૩) જાગ્યા ત્યાંથી સવાર....

(૪) મૃત્યુના મેદાનમાં....

(૫) અમર થવાનો ઉપાય....

(૬) ભગવાનની શોધમાં....

(૭) શાસન સમાચાર


## આ અંકના શબ્દ શિલ્પીઓ

(૧) મૃદુલ

(૨) શ્રી. છબીલદાસ પંડિત
શ્રી. ભદ્રીક કાપડીયા

(૩) શ્રીમદ્ બુદ્ધિસાગરજી

(૪) શ્રી. રાજેન્દ્રવિજયજી

(૫) શ્રી. મણિલાલ ઉદાણી

(૬) રવિન્દ્રનાથ ટાગોર





માસિક

તંત્રીઓ:- પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી.
શ્રી. ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીઆ

વર્ષ ૧ લું

પ્રેરક: મુનિશ્રી ત્રૈલોકયસાગરજી


# ચિંતન કણિકાઓ.....

એની આંખમાં આંસુ આવી ગયાં. એણે એને છાતીએ જડી દીધો. "જા, તું તો મારો ભાઇ છે. સુખી થા...." આમ એણે આશીર્વાદ પણ દઇ દીધા.

હું સમસમી ગયો.

"ગુન્હેગારોને માત્ર માફી જ !!! ભગવાન ! એમ કરીને તો તું ગુન્હાને ઉત્તેજન આપે છે. યાદ તો કર. એણે તને હેરાન કરવામાં શું બાકી રાખ્યું છે ? વરસો સુધી તારી એણે પજવણી કરી છે. તારા પર એણે ધૂળ ફેંકી છે. તને જીવતાં ચેહ પણ ચાંપી છે. તારા પર ક્રૂર એવા ઝેરી સાપ છોડયા છે. વીંછીના ડંખ તને દીધા છે. તારું અસ્તિત્વ નાબૂદ થઈ જાય ત્યાં સુધી તને સતત દુઃખ અને કષ્ટ આપ્યાં છે. એને તું દેવ ! તારો ભાઇ માની હૃદય સાથે ચાંપે છે ? એને તું મંગળ આશીષ આપે છે ? નહિ, ભગવાન ! નહિ, એ તો તારી વધુ પડતી નકામી ઉદારતા છે. હું તો કહું છું; ભસ્મ કરી નાંખ એને તારી તેજલેખાથી...."

પણ એ જરાય ક્ષોભ ન પામ્યો. એની આંખોમાંથી તો હજુ ય એવા જ કરુણાના આંસુ ઝરે જતાં હતાં. અને એ મંજુલ સ્વરે બોલી ઊઠયો.

'સત્તાની તલવાર ગુનેગારોની ગરદન જૂદી કરી શકશે; પણ ગુનાની વૃત્તિને નહિ. મારે દુષ્ટો નહિ; દુષ્ટ વૃત્તિને ભસ્મ કરવી છે, અને પસ્તાયેલું જિગર માત્ર ક્ષમાના શબ્દોથી જ સંતોષ પામતું નથી. એ કરુણાભીની નજર માંગે છે. નિર્દંશ પ્રેમની એ યાચના કરે છે.

કોઇ એને ભાઇ કહી એમે હૃદય સાથે ચાંપે અને એના કરેલા ખરાબ કામોને ભૂલી જઈ પોતાનો ગણે એવી એ શીળી હૂંફ માંગે છે અને હું તો ડંખતા જિગરનો યાચક છું. ખરાબ કામ થઈ ગયા પછી જો એનું હૈયું રડી ઉઠે, એને જીવવું અકારૂં લાગે અને કહે, "ના, દેવ! ના હવે નહિ, કદી એવું નહિ કરૂં...." એવી તીવ્ર લાગણી અનુભવે એવા બળતા દિલનો હું તો ચાહક છું. અને સંગમ એવું ચીરાયેલું-સંતપ્ત હૈયું છે. એ ન હોત તો મારી સાધના સફળ કેમ બનત?

આટલું બોલી એ ચૂપ થઇ ગયા.

અને મારાથી બોલાઇ ગયું: "સાચેજ દેવ! તું તો કરૂણાલય છે. દયાનો મહાસાગર છે. પ્રેમનો ધૂઘવતો તું તો નિર્મળ સમદર છે.

★

એણે એની વરસગાંઠ ઉજવી.

મેં કહ્યું: માનવ જનમતો નથી : એનું મોત જનમે છે.

★

જિંદગી ટૂંકી નથી. એને સફળ બનાવવાનો તારો પ્રયત્ન ટુંકો છે....

★

ભાઈ! તારી એ હિમાલયન ભૂલ છે. તું એને અનુરાગ સમજે છે નહિ? ના હોં, એમ નથી. જીવનને ધીમે ધીમે ફુંકી નાંખતી એ તો ઠંડી આગ છે.

★

દેહનું પડી જવું એ મૃત્યુ નથી. નિષ્કામ પ્રવૃત્તિ કરતાં અટકી જવું અને નિરાશ થઈ ગમે તેમ જીવવું એ જ મૃત્યુ છે.

★

પ્રભો! મારે દુનિયાની સલ્તનત નથી જોઇતી. તારા કુબેરભંડારની પણ મને જરાય સ્પૃહા નથી. તારા સોનેરી સ્વર્ગનો ય મને તો મોહ નથી. તારે જો મને આપવું હોય તો બસ, મને આટલું જ આપ.

એક સંતોષી હૃદય આપ : બીજું નિર્મળ મગજ આપ.

★

આ વણઝાર કયારે અટકશે?

એણે કદી કહ્યું નથી-તું મારી પૂજા કરજે.

એના જેવા બનવા આપણે તેની પૂજા શરૂ કરી અને આપણે તેને આપણા જેવો બનાવ્યો. એને વાઘા પહેરાવ્યા. એને ઘરેણાં કરાવ્યાં. એના માટે અલગ ખંડ બનાવ્યો. તેને વાસવા તાળાકુંચી કરાવી આપ્યાં. એની ઘરવખરી સાચવવા ગોદરેજના કબાટો ગોઠવી આપ્યાં. તેની ચાકરી માટે નોકર રાખ્યો. એને મંદિરમાં બેસાડયો અને આપણે, આમ પુજાની સમાપ્તિ થઈ માની ઘરમાં બેઠા.

આમાં સાચો ભગવાન કયાં? પ્રભુત્વની પુજા કયાં?

—મૃદુલ

# સમય હિસાબ માંગે છે.

## તંત્રી લેખ.

ધાર્મિક ટ્રસ્ટ બીલ અંગે અનેક પત્રોમાં ઘણી ચર્ચાઓ થઈ છે. એ અંગે ઠીક ઠીક ઉહાપોહ જાગ્યો છે. અનેક સંઘોએ એ બીલનો વિરોધ કરતા ઠરાવ પસાર કરી સરકારને મોકલી આપ્યો છે અમે પણ ગયા અંકમાં તેની સામે અમારો સખ્ત વિરોધ નોંધાવ્યો છે.

પણ આ સરકારી તંત્ર છે. એક દિવસમાં એનો ઉકેલ શક્ય નથી. ત્યારે એ બીલનું આખરી સ્વરૂપ આવે ત્યાં સુધીનો સમય આપણા માટે ઘણો જ મૂલ્યવાન છે. એ બીલ કેવી રીતે આવશે, ધર્મ પર કેટલું નિયંત્રણ મૂકશે તેનો કઈ કલમો હશે-એ બધું તો અત્યારે માત્ર અટકળ જ કરવાનો વિષય છે. પરંતુ એવી માત્ર અટકળો જ કરીને સમયને ગુમાવી દેવો એ તો નરી મૂર્ખતા જ લેખાશે.

એ વચગાળાના સમયની અંદર અમને તે બીલ અંગેનો એક નાનો કાર્યક્રમ આપવાનો વિચાર આવે છે. આપણી પાસે સામાજિક સંપત્તિ ઘણી છે. આપણી ધાર્મિક ભાવનાએ અનેક ક્ષેત્રોમાં ધનના ઢગલા ભેગા કર્યા છે. આપણા જિનાલયોમાં અઢળક ધન ભંડારેલુ છે. જ્ઞાનની ઉપજ પણ મોટી છે. શ્રાવક શ્રાવિકા ક્ષેત્રે પણ ભંડોળ જમા થયેલુ છે સાધુ-સાધ્વીના ક્ષેત્રે પણ ઠીક ઠીક રકમો છે. ઉજમણા વગેરેની આવક પણ સારી છે. શ્રી ઘંટાકર્ણ મહાવીર, શ્રી ચક્રેશ્વરી આદિ શાસનદેવતાઓની ભક્તિમાં ભેગી થયેલી પૂંજી પણ ધ્યાન ખેંચે તેવી છે. ટુંકમાં સાતે ક્ષેત્રોની અંદર આપણું આર્થિક બળ સારુ એવું છે.

સરકારની નજર એ ચાંદીના ટુકડાઓ પર આજ પડી છે. એ તે લઈ લે તે પહેલાં એ રકમોને સાચવી લેવાનો, તેની યોગ્ય વ્યવસ્થા કરી લેવાનો સમય આજ ખૂબ જ પાકી ગયો છે. આજે તેમ નહિ કરીએ તો કાલે આપણે જ રડવાનું છે.

આજ આપણી પાસે અનેક સમસ્યાઓ છે. જિનાલયોના સવાલો છે. શ્રાવક-શ્રાવિકાઓની સમસ્યાઓ છે. સાધુ-સાધ્વીઓના પ્રશ્નો છે. ધાર્મિક શિક્ષણ પણ ઉકેલ માંગે છે. શાસ્ત્ર માન્ય સાતે ક્ષેત્રોની તેની આગવી આગવી મૂંઝવણો છે.

એ બધી જ સમસ્યાઓનો સમાધાનકારી ઉકેલ કરવાનો સમય આજ પાકી ગયો છે. કાળ આજ એનો હિસાબ માંગી રહ્યો છે. અનેક જિનાલયો એવા છે જેમાં વીતરાગની મૂર્તિ અપૂજ રહે છે. તેની આશાતના થાય છે. એનો રંગમંડપ ધૂળીયો ને ગંદો રહે છે. ઐતિહાસિક એવા અનેક દેરાસરો, તેનું શિલ્પ, તેની રચના વ. મરામત વિના ખંડેર જેવા ઊભા છે. ઘણા સાધુ-સાધ્વીઓને તેમના વિકાસ માટે પૂરતી તકો નથી. તેમના માટે સારા એવા પૂરતા પંડિત, વિદ્વાનો નથી. સમૃધ્ધ એવા ગ્રંથાલયો નથી. જ્ઞાનના ક્ષેત્રે પણ એવી જ ગરીબાઈ છે. પ્રાચિન ભંડારોની કોઈ સુયોગ્ય વ્યવસ્થા નથી. તેની જાળવણી માટે સુંદર ને સગવડભર્યા મકાનો નથી. જૈન તત્ત્વજ્ઞાન સુબોધ ને સરળ બની શકે તેવી કોઈ ચોક્કસ યોજનાઓ નથી. અને શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રની કંગાલિયત તો ઉઘાડી જ છે. મોંઘવારીથી, ગરીબાઈથી, બેકારીથી, સામાજિક જડ વ્યવહારોથી વ. અનેક કારણોથી રીબાતા ઘણા જૈન ભાઈ-બેનો ધર્મથી વિમુખ બનતા જાય છે. સમાજમાં એવું દારિદ્ર આવી ગયુ છે કે ધર્મ ઢીલો પડતો જાય છે. સંસ્કાર તૂટતા જાય છે.

ત્યારે આ અવસરે દરેક ક્ષેત્રમાં પડેલી રકમોનો તે તે ક્ષેત્રમાં સુયોગ્ય ફાળવણી થાય અને તે દરેક ક્ષેત્ર સંગીન અને સમૃધ્ધ બને તે ઘણું જરૂરી છે. આ કથન સામે કોઈ ગેરસમજ ઊભી ન કરે. અમે દેવ દ્રવ્યને શ્રાવક-શ્રાવિકાઓ માટે ખરચવાનું નથી

કહેતા. જ્ઞાનની ઉપજને પણ બીજા ક્ષેત્રોમાં વાપરવાનું અમે સુચન નથી કરતા.

અમારું તો દરેક ગામના જૈન સંઘોને ટ્રસ્ટીઓને સંસ્થા કાર્યકર ભાઈબેનોને આ નમ્ર સુચન છે. આપના ગામમાં કે શહેરમાં જે જે ક્ષેત્રમાં જે જે રકમ છે તેને તે તે ક્ષેત્રમાં હવે ખરચવા માંડો. આપના ગામમાં જિનાલયની સારી હાલત ન હોય તો તેને વ્યવસ્થિત કરો. આ સંશોધનનો યુગ છે. આપના ગામના જિનાલયોના, ઉપાશ્રયોના, પૌષધ શાળાના સુંદર શિલ્પના ફોટાઓ પડાવી લો. એમ કરવાથી આપણી સંસ્કૃતિનું એક સુંદર સ્મરણ બની રહેશે. પડી જવા જેવા થઈ ગયેલા દેરાસરોનો જીર્ણોધ્ધાર કરો. આપના ગામમાં પાઠશાળા ન હોય તો તે ઊભી કરો. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી તેઓને ભણાવો. ધાર્મિક બોધ આપતા, સંસ્કારનું સિંચન કરતા, જીવનનું ઘડતર કરતા એવા જાહેર પુસ્તકાલયો, ગુરૂકૂળો વ. ઊભા કરો. આપના ગામમાં શ્રમણ ભગવંતોનો લાભ લો. તેઓનું બહુમાન કરો. તેઓને વિકાસ માટે પૂરતી સગવડતાઓ કરી આપો. ધર્મના પ્રચાર માટે આપનાથી થાય તે બધું જ કરી છૂટો. અને આપણા ભાઈબેનોને પણ યાદ કરો તેઓની પણ સંભાળ લો. ધર્મમાં ટકી રહે તે માટે તેમને જે જરૂર હોય તે તેમને મેળવી આપો. શ્રાવક-શ્રાવિકાનું ક્ષેત્ર એ તો આપણી સંસ્કૃતિની કરોડ રજ્જુ છે. કોઈની આંખમાં કદી આંસુ ન આવવા દો. તેમનું મોં સદા હસતું રાખો.

આમ સરકાર ધનને ખેંચી જાય તે પહેલાં ધનને વાપરી નાંખો, એનો સદુપયોગ કરી લો. આ સુચન અમે કરીએ છીએ ત્યારે અમારા જાણવામાં આવ્યું છે કે ખંભાતમાં શ્રી હેમચન્દ્રાચાર્યજીનું એક ગુરૂમંદિર ઊભુ કરવામાં આવનાર છે. અને તે માટે શાસનદેવની ભક્તિની ઉપજમાંથી કેટલીક રકમ કાઢવાની વિચારણા ચાલી રહી છે. ખરેખર, આ એક સ્તુત્ય પગલું છે. આ તો હજુ માત્ર વહેતો વિચાર જ છે. પણ તે નક્કર કાર્યમાં પરિણમે તો શાસનની ઘણી મોટી સેવા કરી ગણાશે.

આજે આપણા ઐતિહાસિક જગાઓને ખોલતી કરવાની જરૂર છે. અને શ્રી હેમચન્દ્રાચાર્યજી જેવી વિશ્વ વિભૂતિની એક અણમોલ સ્મૃતિ ઊભી થાય અને ખંભાત, પાટણ ને ધંધુકા જનારને એમ લાગે કે એ વિભૂતિ અહીં રહી હતી અને અહીંથી એણે ગુજરાતને સંસ્કાર્યું હતુ એવું કંઈ ભવ્ય ગુરૂ મંદિર ને તેમાં તેમના દેહ પ્રમાણની કલાત્મક પ્રતિમાનું સર્જન થાય એવું અમે એક સુચન કરીએ છીએ. આ અંગે તેને લાગતા વળગતા કાર્યકર ભાઈઓ અને શ્રમણ ભગવંતો યોગ્ય કાર્યવાહી કરે એવી અમારી નમ્ર વિનંતી છે.

★



# જાગ્યા ત્યાંથી સવાર

લેખકઃ-શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી



આર્ય સમાજીઓએ હરદ્વારમાં ગુરૂકૂળ સ્થાપ્યું છે. તેઓ તેની તારીફ સારી રીતે કરે છે અને કહે છે કે ત્યાંના વિદ્યાર્થીઓ સર્વ બાબતમાં હોંશીયાર થયા છે. તેઓ બહાર આવશે ત્યારે લોકો તેઓને દેખી આશ્ચર્ય પામશે. પ્રિય જૈનો ! જો આ બાબતમાં વિચાર કરશો તો મુક્ત કંઠે કહેવું પડશે કે જૈન ગુરૂકૂળની અત્યંત આવશ્યકતા છે.

સ્ત્રીઓ વગેરેના પરિચયથી દૂર રહી પચીસ વર્ષ પર્યંત ધાર્મિક તથા (ઈંગ્લીશ ભાષા વગેરે) વ્યાવહારિક વિદ્યાનો અભ્યાસ કરવો, દરરોજ કસરત કરવી, ખાવાનો ખોરાક પણ પુષ્ટિકારક તેમજ જંગલની હવા પણ ઉત્તમ હોવાથી શરીરબળ અને જ્ઞાનબળ સારી રીતે વધે છે માટે જ્યાં ધર્મક્રિયાઓ કરવા માટે એક જુદો ઉપાશ્રય હોય, પૂજા કરવા માટે એક જિન મંદિર; સારી રીતે તૈયાર કરેલું હોય, ભાષણો આપવા માટે હજારો વિદ્યાર્થીઓ બેસી શકે એવો એક સભા મંડપ જુદો કરવામાં આવ્યો હોય, વિદ્યાર્થીઓને રહેવા માટે જુદી જુદી ઓરડીઓ હોય, ભોજનશાળાનું સ્થાન પણ જુદું હોય, માંદા વિદ્યાર્થીઓની સારવાર માટે જુદું સ્થાન હોય, ફરવા માટે હવાવાળી ખુલ્લી જગા હોય, વ્યાવહારિક અને નીતિ શિક્ષણનાં ધોરણો રચાયાં હોય અને નીતિમાન અને ધર્માભિમાની શિક્ષકો ગોઠવવામાં આવેલા હોય, ધાર્મિક એક સારી લાયબ્રેરી ખોલવામાં આવેલી હોય, ધ્યાન કરવા માટે જુદી જુદી જગ્યાઓ રોકેલી હોય, વિદ્યાર્થીઓ પાસે અમુક વર્ષ સુધી ખાસ પ્રતિબંધથી ભણવાની કબુલાતો લખાવી લીધેલી હોય, કોઈપણ સ્ત્રીની સાથે-પત્રવ્યવહાર ન હોય, વિદ્યાર્થીઓ ઉપર દેખરેખ રાખવા કેટલાક જ્ઞાનસંપન્ન અને શ્રદ્ધાસંપન્ન અધિકારીઓ રાખેલા હોય, જૈન ધર્મ અને અન્ય ધર્મોનાં તત્ત્વોનો મુકાબલો કરવાનું શિક્ષણ આપવા માટે પરિપૂર્ણ કેળવાયેલાં મનુષ્યોને રાખેલા હોય, સંસ્કૃત, માગધી, અંગ્રેજી, હિંદી, અને ગુજરાતી વગેરે ભાષાઓનું જ્યાં ખાસ અધ્યયન કરવાનું હોય, શિક્ષણ સમયસૂચક ટાઈમટેબલો બરાબર ઘડવામાં આવ્યાં હોય, તન મન અને ધનનો આત્મભોગ આપે તેવા શિક્ષકો વગેરે જ્યાં હોય, જ્યાં જમાનાને અનુસરી ધર્મગુરૂઓ કે જે ધાર્મિક શિક્ષણ આપવાને માટે, સાત સાત વર્ષ થી બંધાયેલા હોય, તેઓને માટે જરાક દૂર સ્થાનની સગવડ હોય, એવું ગુરૂકૂળ સ્થાપવામાં આવે તો હજારો જૈન વિદ્યાર્થીઓ બ્રહ્મચર્ય સાચવીને અભ્યાસ કરી બહાર પડે અને જૈનોની જાહોજલાલીના પ્રત્યે દરેકનું ધ્યાન ખેંચાય. જૈન પ્રજાની સાચેસાચી ઉન્નતિ કરવી હોય તો જૈન ગુરૂકૂળ સ્થાપવું જોઈએ. એકજ શ્રી હેમચન્દ્રાચાર્યે ઘણી ઉન્નતિ કરી તેમ ગુરૂકૂળમાંનો એક એક વિદ્યાર્થી બાહોશ વક્તા અને જ્ઞાની થાકવાથી હજારો સામે ટક્કર ઝીલી શકે અને હજારો મનુષ્યોને પોતાના ધર્મ તરફ આકર્ષી શકે. બ્રહ્મચર્ય ધારક વિદ્યાર્થીઓ શ્રાવક તરીકે પણ મજબૂત શરીરના હોવાથી ઘણું કામ કરી શકશે. માટે ગુરૂકૂળની સંસ્થા સ્થાપવાની અત્યંત આવશ્યકતા છે.

શરીરબળ વિના મનોબળ અને વચનબળ ખીલી શકતું નથી. જેને બોલવાની પણ હોંશ થતી નથી તે

પોતાનો તથા જૈન કોમનો ઉધ્ધાર કરી શકતો નથી જેઓ બળવાન છે તેઓ પોતાનો તથા પરનો ઉધ્ધાર કરી શકે છે. હાલના વખતમાં પુત્રોને બ્રહ્મચારી બનાવી બળવાન કરવા હોય અને પોતાના ધર્મનો ઉધ્ધાર કરવો હોય તો અમૃત સમાન આ લેખ સમજી લેવો. ધાર્મિક કેળવણી આપવામાં પાછા પડીશું તો આપણે શ્રી વીરપ્રભુના ક્ષત્રિય પુત્રો કહેવાઈશું નહિ. જૈનોએ ખ્રિસ્તીઓની પેઠે ધાર્મિક જૈનોની વૃધ્ધિ માટે સ્વભાવન કરતાં શિખવું જોઈએ. એક અંગ્રેજ બાનુએ ખ્રિસ્તીઓ નવા બનાવવા સારૂ આઠ ક્રોડ રૂપિયા આપ્યા છે. મુંબઈમાં ખ્રિસ્તીઓની એક મોટી સંસ્થા છે કે જેનું મકાન બાંધતાં દસ પંદર લાખ રૂપિયાનું ખર્ચ થયું હશે. અમદાવાદ, પૂના, વડોદરા, લશ્કર, નડિયાદ, બોરસદ, પ્રાંતિજ, સમેરા, અજમેર, કાશી, કલકત્તા, મદ્રાસ, કરાંચી, આગ્રા. વલસાડ, પારડી, નાગપુર વગેરે હજારો ઠેકાણે ખ્રિસ્તીઓએ લાખો રૂપિયા ખર્ચીને અને આત્મભોગ આપીને નવા ખ્રિસ્તીઓ કરવા માટે મકાનો બાંધી, લાખો મનુષ્યોને ભણાવી હુન્નર ધંધા શીખવી ખ્રિસ્તી ધર્મની ઉન્નતિ કરી છે. જૈનોના હૃદયમાં શ્રી મહાવીર પ્રભુ વસ્યા હોય તો રોમે રોમે ધર્માભિમાન વ્યાપ્યા વિના રહે નહિ અને જૈન ગુરૂકુળ જેવી સંસ્થા ઉપાડી લીધા વિના રહે નહિ. જૈનોમાં બહાદુર આત્મભોગી જૈનોની ખોટ છે પણ જો જૈન ગુરૂકુળ સ્થાપવામાં આવે તો હજારો વિદ્યાર્થીઓને તેવા બનાવી શકાય.

"ચોરે રોડ અને વાણિઓ વરઘોડે" ની પેઠે વણિક તરીકે બનેલા જૈનો વરઘોડા અને નાતવરામાં લાખો રૂપિયાની ધુળધાણી કરી નાખે છે, જૈન ધર્મની ઉન્નતિ માટે "ચમડી તુટે પણ દમડી ન છૂટે" તેવી ગતિ આચરે છે અહો ! જૈનોનું મન ક્યારે સુધરશે ? આવા જૈનો જૈન મંદિરમાં જઈને કહે છે કે "હો દીનાનાથ શી ગતિ થાશે અમારી, બે વાતે મારૂં મન લલચાણું, વ્હાલા ! એક કંચન દુજી નારી " આવી રીતે બોલ્યા કરે છે પણ એનો અર્થ સમજીને જૈન ધર્મના ઉધ્ધાર માટે આત્મભોગ કોઈ વિરલાજ આપે છે. જેને જૈન ધર્મની ઉન્નતિ કરવાનો વિચાર નથી, અને જે જૈન ધર્મના ઉધ્ધાર માટે આત્મભોગ આપવા તૈયાર નથી, તે તીર્થંકરોની આરાધનામાં શું સમજે ? અર્થાત્ જેઓની નસેનસમાં જૈન ધર્મની ઉન્નતિ કરવા માટે શૂર વ્યાપતું નથી એવા જૈનો જન્મીને કંઈ ઉકાળી શકવાના નથી. જેઓને શૂરાતન ચઢાવ્યા છતાં ચડતું નથી, પણ ઉલટું બહુચરાજીના ભક્તની પેઠે, હસીને તાળીઓ આપવાની ચાલ છે, તેવાઓએ પોતાની માતાને નવ માસ પર્યંત શા માટે ભારે મારી ? જે જૈનોના બાપદાદાઓએ જૈન ધર્મના માટે તન, મન, ધન અર્પણ કર્યાં હતાં, હજારો દુઃખો ખમી જૈન ધર્મની ઉન્નતિ કરી, સંપૂર્ણ જીંદગી ગુમાવી હતી, તેવાઓના દીકરાના દીકરાઓ–વંશજો આજ "લે દોસ્ત તાળી" ની પેઠે કુકડુ કુ ની રમત રમે છે અને દીલા ઢપ જેવા થઈ ગયા છે, તેઓની આવી સ્થિતિ દેખીને આંખમાંથી દડદડ આંસુ નીકળે છે. પૂર્વાચાર્યોએ એક શ્વાસોશ્વાસ પણ નકામો ગાળ્યો નહતો. જૈનધર્મની ઉન્નતિ માટે મેદાનમાં યાહોમ કરી પડ્યા હતા. હજારો દુઃખો સહન કર્યાં હતાં, નિરાંતવાળીને જરા માત્ર પણ બેઠાં નહતાં, કંચન અને કામિનીથી ન્યારાં રહી જૈન ધર્મનાં બીજ જ્યાં ત્યાં વાવ્યાં હતાં. શંકરાચાર્યોના વખતમાં ઘાંચીની ઘાણીઓમાં કચરાયા હતા તો પણ પોતાનો ધર્મ ફેલાવવામાં પાછી પાની કરી નહોતી: તેવાઓના વંશજો હાલ કેવી સાંકડી સ્થિતિમાં આવી પડ્યા છે તે વિચારતાં મોટો નિઃશ્વાસ મૂકવો પડે છે. સર્વ ધર્મોની હરિફાઈનો વખત આવી પહોંચ્યો છે. હવે તો ચેતો ! જરા તો મન મોટું રાખો ! ! તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ અને જમાનો અનુભવ્યા વિના સાધુઓમાં અને સાધ્વીઓમાં નવો જુસ્સો આવવાનો નથી. "વાતો કરે વડાં થવાનાં નથી". ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. જાગ્યા ત્યાંથી પ્રભાત માનો. તમારી શક્તિ પ્રાપ્ત કરવા જૈન ગુરૂકુળની યોજનાને વધાવી લ્યો. હવે તો બસ ઘણું થયું. આંખો ઉઘાડો અને કાર્ય કરવા મંડી જાઓ. તમારી પાસે જે છે તે સર્વ જૈનોધ્ધાર માટે છે એમ સંકલ્પ કરો...

("તીર્થયાત્રાનું વિમાન" માંથી)

# મૃત્યુના મેદાનમાં

લેખકઃ—
સાહિત્ય-દર્પણ પ. પૂ. મુ. શ્રી. રાજેન્દ્રવિજયજી

"ભાભી ઓ ભાભી ! ખરા બપોર થઈ ગયા હજુ સુધી તમે રસોઈ પણ નથી કરી તો કરો છો શું ? તમારાથી ઘરનું કામ પણ પાર નથી પડતું તો પછી તમે શું કરી શકવાનાં હતાં ?" કપડાં ધોઈને આવેલ વિક્રમશી રસોડામાં પેસતાં જ પોકારી ઉઠયો.

"દિયેરજી ! જરા શાન્ત રહો. થોડું મોડું થાય એમાં આટલા ઉકળી કાં જાઓ છો ? તમે એમ જ માનતા હશો કે સ્ત્રીઓએ યંત્રની માફક–ગુલામડી બની કામ કર્યા જ કરવાનું, મારા દેવર ! ભૂલી જાઓ એ જુના જમાનાની વાતોને." ભાભીએ રૂવાબથી જવાબ વાળ્યો.

"ભાભી ! બોલતાં માઝા મૂકશો માં ! એક તો સમયસર કામ કરવું નહિ અને ઉપરથી બોલવામાં ભાન પણ નહિ. હું હજુ મૌનમાં રહું છું ત્યાં સુધી. નહિતર તમારાંમાટે ભોં ભારે થશે : મારી ભાભી ! સમજ્યા ને ?"

"દેવર ! દયા ખાતા હો તો મારાં નવાં આવનાર દેરાણીની દયા ખાજો હું તમારા આધારે નથી જીવતી; ખાઈ પીને દિવસો વીતાવવા છે–ઘરનું કશું કામ તો કરવું જ નહિ, અને અભિમાન તો છત્રપતિને છાજે તેટલુ રાખવું છે;"

"ભાભી ! ખ્યાલ છે તમે કોની આગળ બોલી રહ્યાં છો ? વિક્રમના વિક્રમથી શું તમે હજુ અજાણ છો ?"

"વિક્રમશી ! તમારાં પરાક્રમને હું જાણું છું, જો સાચા સત્ત્વશાળી હો તો જાઓ સિદ્ધાચલ ઉપર માર્ગ રોકી બેઠેલા સિંહને મારીને આવો. બહુ બોલવામાં શો ફાયદો છે?" ભાભીએ દેવરને મ્હેણું માર્યું.

"ભાભી ! જ્યાં સુધી સિદ્ધાલય ઉપર રહેલ સિંહને મ્હાત કરી સિદ્ધાલયનો યાત્રા માર્ગ ખુલ્લો નહિ કરું ત્યાં સુધી અન્નજળ ત્યાગ છે"–ભાભીના મહેણાનો ફટકો વિક્રમને છાતી સોંસરો ઉતરી ગયો.

હાથમાં રહેલ કપડાં ધોવાનો ધોકો લઈને ખાધા પીધા વિના વીર વિક્રમશી ત્યાંથી રવાના થયો.

"અરેરે વિક્રમ ! ક્યાં જાય છે ? આજનાં જવાનીયાં જાણે હાલે તો ધરણિ એ ધ્રુજી ઉઠે છે: મારા બેટા ? આજ આટલું જોર તને કેમ આવ્યું છે ?" અભિમાનમાં આગળ વધતા વિક્રમશીને ડેલીએ બેઠેલી ડોશીએ ટહુકો પાડયો.

"મા! નમસ્કાર : હું જાઉં છું સિદ્ધાચલ ઉપર રહેલા સિંહને મારવા. જો મારી પ્રતિજ્ઞા પૂરી થશે તો તરતજ આપનાં દર્શન કરવા પાછો આવીશ."

"વિકલા આ તે તું કોઈ છોકરાંના ખેલ જાણે છે, અરે ! સિંહ સામે તો સિંહ જ બાખડી શકે, શિયાળનું ગજું નહિ, જા...બા...જા...પાછો ફર; આપણા વાણીયાંને તે એ કાંઇ શોભતું હશે ?" ડોશી વિક્રમશીને સમજાવવા લાગી.

મા ! શિર જાયે તો જાયે. પર ધર્મ નહિ જાએ, પ્રાણ જાય તો ભલે જાય. પણ મારી પ્રતિજ્ઞા નહિ તૂટે, ભાભીએ તો મને મ્હેણું જ માર્યું છે. પણ હું તો તેને સાચું કરીને જંપીશ" વિક્રમને પૂરો પોરસ ચઢ્યો હતો.

"અલ્યા વિકલા ! આજે તારું ખસી ગયું લાગે છે, ખાઈ પીને અલમસ્ત થયો એટલે તું બહાદુર થઈ ગયો ? છોકરવેડા ન કરીએ મારા વ્હાલા !"

"મા ! આજે એ જુદીયા પુરાણ સાંભળવાનો મને સમય નથી. મને મારામાં વિશ્વાસ છે. આદીશ્વર દાદા સહાય કરશે મા ! મારા અન્તિમ નમસ્કાર."

વીર વિક્રમ મૃત્યુના મેદાનમાં રણકેશરીયાં કરવા આગળ વધ્યો. પાલીતાણા ગામમાં વાત વાયુ વેગે ફેલાઈ ગઈ; લોકોના ટોળે ટોળાં વિક્રમશીની પાછળ પડ્યાં; વિક્રમશીનું વિક્રમ આજે અંગેઅંગમાં ઉગી નીકળ્યું હતું.

તીર્થભક્તિનો અપૂર્વ લાભ એને અનાયાસે પ્રાપ્ત થયો હતો.

તેના હૃદયમાં ઉત્સાહ માતો નથી.

મોં ઉપર પરાક્રમના ભાવ ઉપસી રહ્યા છે.

જીવનના એકાદ અંશમાં જ્યારે અપૂર્વ લાગણીનાં નૃત્ય જાગે છે ત્યારે સાત્વિક વૃત્તિઓની સાચી કસોટી થાય છે. માનવતાનો દીવડો ઝળહળી ઉઠે છે.

ઉત્સાહથી આગળ વધતો વિક્રમશી તળેટીમાં આવી ગયો. લોકોનો મોટો સમુદાય વિક્રમશી સાથે જ હતો.

ગિરિરાજની પવિત્ર રજને માથે ચડાવી, આદીશ્વર દાદાનું ધ્યાન ધર્યું. અંતરમાં સિંહનાદ થયો. પાસે રહેલ સમાજને સંબોધી વિક્રમ બોલ્યો. "મહાનુભાવો ! આજે હું જઉં છું ધર્મના રક્ષણ કાજે જીવનની આહુતિ આપવા; પ્રાણની પણ દરકાર કર્યા વગર હું મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરીશ, મારાં ભાભી આજ મારાં સાચાં ઉપકારી બન્યાં છે. તેમના વચનથી જ આજે મને આ અલભ્ય લાભ મળ્યો છે. સહુને મારા અંતિમ પ્રણામ !" આટલું બોલી વીર વિક્રમશી આગેકૂચ કરવા તૈયાર થયો.

"વિક્રમશી તારો ઉત્સાહ આજે અપૂર્વ છે. ઘણા વખતથી બંધ રહેલ તીર્થયાત્રાને તું આજે ખુલ્લી કરીશ. અનેક ભાવુકોની અપૂર્વ ભક્તિનો સાચો ભાગીદાર તું બનીશ; તારું ખમીર આજે ઉછળી રહ્યું છે. મારા જ નહિ શ્રી સંઘના પણ તને અનેકશઃ આશીર્વાદ છે. શાસનદેવ તારા કાર્યમાં સહાય કરશે, પણ તેં સિંહને મારી યાત્રા માર્ગ ખુલ્લો કર્યો છે. એ અમે કેવી રીતે જાણી શકીશું?" સભામાં રહેલા વિક્રમશીના મિત્રે પોતાની મુંઝવણ વ્યક્ત કરી.

"મારા મિત્ર ! એ વાત તો હું સાવ વિસરી જ ગયો ઉત્સાહમાં આવેલો માણસ ઘણી વખત પોતાની અંગત વાતને પણ ભૂલી જાય છે. હું ઉપર જઈ જ્યારે કાર્ય પૂર્ણ બતાવી લઈશ ત્યારે આદિનાથ ભગવાનના મંદિરમાં ઘંટ વગાડીશ એ ઘંટનાદ વિજયનાદનો સૂચક હશે, ત્યારે સિધ્ધાચળનો માર્ગ નિષ્કંટક બની ગયો હશે," વિક્રમશીએ માર્ગદર્શન કરાવ્યું.

સભાએ આદિનાથના જય જ્યારવ સાથે વિક્રમશીના શબ્દોને વધાવી લીધા.

ચાતક જેમ મેઘને ઇચ્છે તેવી જ નજરે તળેટીએ ઉભેલા માણસો વીર વિક્રમશીની સફલતાને ઇચ્છી રહ્યા હતા. શાસન દેવને શતશઃ પ્રાર્થના કરી રહ્યા હતા.

જ્યારે ગજરાજની ચાલે મલપતો વીરવર વિક્રમશી સિધ્ધાચલ ગિરિરાજ ઉપર મક્કમ પગલે ચઢી રહ્યો હતો. મૂછનો દોરો પણ હજુ ફૂટ્યો નથી એવા વિક્રમશીએ મહાન કામ પોતાના માથે લીધું હતું. તેને પોતાના બળ ઉપર સંપૂર્ણ આત્મવિશ્વાસ હતો.

આત્મવિશ્વાસ ખરેખર ! અજબ ચીજ છે, જેનો સંપૂર્ણ આત્મવિશ્વાસ પોતાનામાં હોય છે તે પછી સબલ હોય-કે-નિર્બલ, ધનવાન હોય કે ગરીબ, રાજા હોય કે રંક, ગમે તે હોય પણ આત્મવિશ્વાસના અપૂર્વ સહકારથી સત્કાર્યમાં જરૂર સફલતા મેળવે જ છે,

ચકોર નજરે સિંહને શોધતો યુવાન આગળ વધી રહ્યો છે આદીશ્વર દાદાનું દેરું હવે થોડું જ દૂર હતું.

ત્યાંજ દૂરના ઝાડ નીચે આરામથી સુતેલા વનરાજને જોયો. જુગ જુગના જુના વૈરીને જોતાં જેમ વેર વસુલાત કરવા દિલ તલસી રહે છે, અંગે અંગમાં અગ્નિની જવાળાઓ ભભુકી ઉઠે છે, તીર્થ યાત્રામાં અંતરાય કરતા, આરામથી સુતેલા સિંહને જોતાંજ વિક્રમશીનું વિક્રમ સળગી ઉઠયું, અંતરાયને દૂર હડસેલવા તે મક્કમ બન્યો. આ એજ સિંહ! જેણે નિર્દોષ યાત્રુઓને ફાડી ખાઇ, પવિત્ર ગિરિરાજની યાત્રાનો રોધ કર્યો છે.

પણ "શેરને માથે સવા શેર હોય જ છે," તું વનનો રાજા છે. તો તારી સામે હું મનનો રાજા મલ્લ કુસ્તી કરવા આવ્યો છું; વનરાજા અને મન રાજાની કુસ્તી મૃત્યુના મેદાનમાં જ થાય; વિક્રમશી આછું હસ્યો. ઓ વનરાજ ! ઉભો થા ! આરામ કરવાનો હવે અવસર વીતી ગયો છે. આજે તારા માથે મૃત્યુ ભમી રહ્યું છે, હું તારી સામે મેદાને આવ્યો છું. સૂતેલા, હારેલા, અસાવધાન શત્રુ ઉપર મારો ચલાવવો એ કાયરનાં કામ છે. હું સામે પગલે આવ્યો છું

ઘણા વખતથી સિંહને માનવનાં દર્શન પણ દુર્લભ થયાં હતાં. આ નવો માનવ પોતાનું ભક્ષ્ય બની સામે જ પગલે આવતો જોઇ સિંહ સફાળો જાગૃત થયો, એની આંખો લાલ ચુમ બની ગઇ.

જબ્બર સિંહનાદ કરી એણે દિશાઓને બ્હેરી બનાવી દીધી. પોતાની સામે સિંહને આવતો જોઇ વિક્રમશી સાવધાન થઇ ગયો.

એક બીજાના લોહી તરસ્યા બનેલા બંને એક બીજાને મૃત્યુના મુખમાં હડસેલી દેવા એક ક્ષણનોય વિલંબ કરે તેમ ન હતા.

વિક્રમશીએ પોતાનું પરાક્રમ એકઠું કરી ધસી આવતા સિંહના માથામાં હાથમાં રહેલ કપડાં ધોવાનો ધોકો જોરથી માર્યો.

સિંહ ફાળ ચૂકી ગયો. મર્મવેધી ઘા જીવલેણ નીકળ્યો. સિંહ તમ્મર ખાઇ લોહી વમતો જમીન ઉપર પડયો. થોડા જ પરિશ્રમથી કાર્ય પાર પડતું જોઇ યુવક હસું હસું થઇ ગયો.

વાહ ! મારી ભાવના ફળી, મારૂં જીવન આજે ઉજ્જવળ બન્યું, તીર્થયાત્રાનો યશોભાગી આજે હું બની ગયો ...શાસન દેવે મારા કાર્યને પાર પાડયું.

ઉત્સાહમાં યુવક આદીશ્વર દાદાના દેરા તરફ દોડવા માંડયો દાદાનાં પૂજા ભાવથી દર્શન કર્યા; મુક્તમને દાદાના ગુણગાન કર્યાં. પોતાના સાથીદારોને ખબર આપવા તે ઘંટ વગાડવા આગળ વધ્યો. પણ તેજ વખતે વિચિત્ર ઘટના બની ગઇ.

મૂર્છા ખાઇ જમીન ઉપર પડેલો સિંહ ભાનમાં આવતાં જ પોતાના શત્રુ !! શોધમાં વિક્રમશી પાછળ પડયો.

આનંદમાં નાચતા યુવકને જોતાં જ સિંહનું ખુની લોહી ઉકળી ઉઠયું. જોરથી ત્રાડ મારી ઘંટાનાદ કરવા અગ્રસર થતા વિક્રમશીને છૂંદી નાંખ્યો

આહ આદિનાથ ! બોલતાં જ યુવક જમીન ઉપર ઢળી પડયો. સિંહ પણ શત્રુની શુધ્ધિ કરી ત્યાં જ મરણ ને શરણ થયો.

વિક્રમશીના શ્વાસના છેલ્લા ધબકારા વાગતા હતા. તેના ગાત્રોમાંથી લોહીના ફુવારા ઉડી રહ્યા હતા.

તે છેલ્લે છેલ્લે ઘંટાનાદ કરી મિત્રોને ખબર આપવા ગયો પણ.....

શરીરમાં શક્તિ નહતી, ઈન્દ્રિયો શિથીલ બની ગઈ હતી, હતું માત્ર જીવંત અજરામર આત્મબળ.

આત્મબળને તેણે એકઠું કર્યું. ઘા ઉપર સોરઠી પાઘડીના મજબુત પાટા બાંધી તે ઉભો થયો.

જોરથી તેણે ઘંટ વગાડયો.

એ મૃત્યુનો ઘંટનાદ હતો કે વિજયનો ઘંટનાદ, એ તો એજ જાણે. તળેટીએ ઉભેલા લોકોએ ઘંટનાદ સાંભળ્યો. નાગરિકો ગિરિરાજને સોના રૂપાના ફુલે અખંડ અક્ષતે વધાવી ઉપર ચઢ્યા.

ઘણા વર્ષે આજેયાત્રા માર્ગ ખુલ્લો થયો હતો.

આદિનાથ દાદાનું મંદિર આવતાં જ વિક્રમને

જોઇ અંબાય હેબતાઇ ગયા.

તીર્થભક્તિ ખાતર એક યુવકે પોતાની આહુતિ આપી હતી, લોકો તેના દેહને પણ પૂજનીય માનવા લાગ્યા.

મોંઘેરી પ્રશંસાનાં પુષ્પોથી એના દેહને સત્કાર્યો. એની યાદગીરી માટે નજીકના લીમડા નીચે એનો પથ્થરમાં પાળીઓ કોતરાવ્યો.

આજે પણ એ મૂકસંદેશ પાઠવી રહ્યો છે.

દેહ નશ્વર છે; સંસારની માયા મૃગજળની જેમ માનવ માત્રને અશાશ્વત સુખોભણી ખેંચી રહે છે, અસાત્વિક વૃત્તિઓની વાસના લાલિમા ઉપર કાલિમાનો કૂચડો લગાવી રહી છે.

ત્યારે, વિક્રમશીની યશોગાથા આત્મઅર્પણના અમોલ જવાહર હાથ કરવા આજ પણ પ્રેરણા આપી રહી છે.

વંદન હો મૃત્યુના મેદાનમાં રણ કેશરીયાં કરનાર વીર વિક્રમશીના વીરત્વને.

જય આદિનાથ !

---

(પાન પહેલાનું અધુરૂં)

તું નહિ, તારો દેહ નિર્બળ છે.

તું તો અનંત શક્તિનો ધણી છે. અનંત જ્ઞાનનો તેજપુંજ છે. અનંતતાની અખંડતાનો તું તો મહાસાગર છે. તું તો ચેતન ધબકંતો આતમા છે.

★

આ શોધખોળ ક્યારે પૂરી થશે ?

ભગવાન સાચો ઈન્સાન શોધે છે અને આ ઈન્સાન ભગવાનની શોધમાં છે.

★

મુક્તિની આ શરત છે.

"બધુ છોડીને ચાલ્યો આવ, હું તારી જ છું...."

★

જીવન એ તો તને સોંપાયેલી અણમોલ અનામત છે. તું એને ગમે તેમ વેડફી ન શકે.

★

જિંદગી એ તો મુક્તિએ દોરી જતી લાંબી પગથાર છે. એને વટાવીને જ તું ત્યાં પહોંચી શકે....

—મૃદુલ



# અમર થવાનો એકજ ઉપાય

લેખક:–મણીલાલ હા. ઉદાણી
એમ. એ. એલએલ. બી. એડવોકેટ, રાજકોટ.

મૃત્યુનો ડર સૌને લાગે છે. મૃત્યુ કોઇને ગમતું નથી. મૃત્યુ વખતે અનેક આધિવ્યાધિ અને ઉપાધિ થાય છે, તેથી સગા સબંધીઓને પણ ઘણું દુઃખ થાય છે. જેથી અમર થવાનો માર્ગ શોધવો જોઇએ અને તે માર્ગ જૈન શાસ્ત્રોએ શુધ્ધ તત્વજ્ઞાનથી બતાવ્યો છે, અને સાબીત કરી આપ્યો છે જેથી જેને મૃત્યુના ડર-માંથી છુટવું હોય અને અમર થવું હોય તેમણે તે માર્ગે અનુસરવું જોઇએ.

આ જીવ અનાદિકાળથી કર્મના બંધમાં પડેલો છે અને જ્યાં સુધી તે બંધ છુટે નહિ અને કર્મની નિર્જરા થાય નહિ ત્યાં સુધી મુક્ત થતો નથી. આત્મા તો અનાદિ અને અનંત છે. તે અજર, અમર અને અવિનાશી તત્વ છે, પરંતુ અનાદિથી તે કર્મના સબં-ધમાં આવ્યો છે અને તેથી આજસુધી જન્મમરણના ફેરા કરવા પડયા છે. અને જેવા કર્મના બંધ બાંધ્યા તે પ્રમાણે સ્વર્ગ, નર્ક, મનુષ્ય, અને તીર્યંચના જન્મ લેવા પડયા છે. પરંતુ સ્વર્ગ, નર્ક અને તીર્યંચ યોનિ-માંથી મુક્તી મેળવી શકતો નથી. માટેજ મનુષ્ય જનમને અમુલ્ય કહ્યો છે અને તેમાંથી જ તે મોક્ષનું દ્વાર પ્રાપ્ત કરી શકે છે. કારણકે મનુષ્યને બુધ્ધિ પ્રાપ્ત થઇ છે અને તેથી તેનો ઉપયોગ કરીને તે શુભ અગર અશુભ ભાવ કરીને પુણ્ય અગર પાપનો બંધ બાંધે છે અને તેથી લક્ષ ચોરાસીના ફેરામાં રખડવું પડે છે. મુક્ત થવાનો માર્ગ જેટલો મુશ્કેલ છે તેટલોજ સહેલો છે. પરંતુ તે પ્રમાણે દર્શન, જ્ઞાન અને ચારિત્રનો ઉપયોગ થવો જોઇએ. જેથી પ્રથમ દ્રષ્ટી સ્વભાવ નક્કી કરવી જોઇએ. બે જાતની દ્રષ્ટી છે, એક સમ્યગ દ્રષ્ટી, બીજી મિથ્યાત્વ દ્રષ્ટી. જ્યાંસુધી સમ્યગ દ્રષ્ટિ ન થાય એટલે આત્મા પોતાના સ્વભાવ ભાન બરૂ ન બને ત્યાં સુધી અજ્ઞાની દ્રષ્ટીને લીધે તે સમ્યગ જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી.

માટે પ્રથમ તો એટલું જાણવાની જરૂર છે કે આ શરીરમાં બે દ્રવ્યો છે, આત્મા અને શરીર. આત્મા ચૈતન્ય તત્વ છે અને શરીર જડ દ્રવ્ય છે. બન્નેનો સંયોગ કર્મના બંધનથી અનાદી કાળથી થયો છે અને જ્યાં સુધી સાચી દ્રષ્ટિ ન થાય ત્યાં સુધી જન્મ મરણ થયા કરવાના અને કર્મના નિયમ મુજબ જુદા જુદા શરીરો ધારણ કરવાજ પડશે. પરંતુ જ્યારે આ બન્ને દ્રવ્યો જુદાજ છે એમ સમજાણું અને લક્ષમાં આવ્યું ત્યારે ભેદ વિજ્ઞાન થતાં આત્માનું સ્વરૂપ સમજાય છે તે સમજાણા પછી મોહનીય કર્મનો બંધ છુટતો જાય છે અને રાગદ્વેષ પણ ઓછાં થતાં જાય છે. જ્યાં સુધી મનુષ્ય એમ સમજે છે કે શરીર તેજ હું છું અને સંસારનું બધું કામકાજ મારી હોશીયારીથી જ ચાલે છે, ત્યાંસુધી મિથ્યા દ્રષ્ટી છે જેથી મોક્ષ થવાનો સંભવ નથી પરંતુ જ્યારે સમજાણું કે શરીર તે હું નથી, મારી ઇચ્છા પ્રમાણે કાંઇ થતું નથી પરંતુ જે સુખ-દુઃખ આવે છે તે પુર્વ ભવે બાંધેલા કર્મનુંજ પરિણામ છે અને હું તો શુધ્ધ સ્વરૂપી આત્મા છું. જે બને છે તેમાં ફેરફાર કરવા મારી શક્તિ નથી, પરંતુ જ્ઞાતદ્રષ્ટા

તરીકે ફક્ત તેનું જ્ઞાનજ હું કરું છું. આવી સમજણ દૃઢ થાય ત્યારે અનેક ભવના કર્મથી બંધાઈ ગયેલી ગાંઠ છુટી જાય છે અને સમકીત થયા પછી મોડામાં મોડા પંદર ભવે અવશ્ય મુક્તિ પ્રાપ્ત કરી શકે છે અને ભવસાગરના ફેરામાંથી તે છુટી જાય છે. પછી તેને જન્મ કે મરણ રહેતા નથી અને અમર થઇ જાય છે. આજ ખરી સ્વતંત્રતા છે અને જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી તે પરતંત્ર છે.

સમ્યગ દ્રષ્ટી થયા પછી આત્મા પોતાના સ્વ-સ્વરૂપમાં સ્થીર થવા માંડે છે તેજ ખરી શાંતિ છે. પછી તેનું કાર્ય જ્ઞાન કરવાનુંજ રહે છે. અને તે પ્રમાણે સ્થીરતા થતા સમ્યગ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

જ્યારે આ આત્માને એવું જ્ઞાન થાય છે કે હું એકલો છું, એકલોજ આવ્યો છું, અને એકલોજ જવાનો છું, શરીર પણ રહી જવાનું છે અને લક્ષ્મી, કુટુંબપરિવાર, ઘરબાર તે બધું પુણ્યના યોગથીજ મળેલું છે. કર્મના સંયોગોથી જે પ્રારબ્ધ બંધાયું છે તેજ હું ભોગવું છું અને આયુષ્યનો બંધ પડયો છે ત્યાં સુધીજ જીવન છે. હું કાંઈ કરવાને સમર્થ નથી. ફકત જ્ઞાન અગર અજ્ઞાત કરી શકું છું. અનાદિકાળના અજ્ઞાનથી જન્મમરણના ફેરા મટયા નથી અને જ્ઞાન કરવાથીજ અને શુધ્ધ સ્વરૂપને સમજવાથીજ તે ફેરા ટળવાના છે. આવી સ્થીતી જ્યારે થાય ત્યારે ચાહે મુનિપણામાં હોય, ચાહે ગૃહસ્થાશ્રમમાં હોય તો પણ જે થોડા કર્મો હોય તેની નિર્જરા કરીને મોક્ષ મેળવે છે અને અમર થઇ જાય છે.

શુધ્ધ આત્માને સમ્યગ દ્રષ્ટી અને સમ્યગ જ્ઞાન થતાં ચારિત્ર એની મેળે જ આવે છે. તેવા આત્માને હિંસા, ચોરી, અસત્ય, કપટ, કુશીલતા, અબ્રહ્મચર્ય અને પરિગ્રહના ભાવ આવતા જ નથી. દયા અને દાનના શુભ ભાવ આવે તેને લીધે પુણ્ય મેળવે પરંતુ અશુભ ભાવ ટળી જવાથી તે જીવ શુધ્ધ ભાવમાં જ સ્થીર થઈ જતાં સ્હેજે જનમ મરણના બંધનથી છુટી જાય છે. મોક્ષ મેળવે છે અને અમર થઈ જાય છે. તીર્થંકરો એ અને કેવળીઓએ મહાન ઉપકાર કરીને આ અમર થવાનો માર્ગ બતાવ્યો છે અને જેમને ખરું સુખ મેળવવું હોય તેને માટે આજ માર્ગ છે.

શ્રીમદ્ રાજચંદ્રે ખરૂં કહ્યું છે કે

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

શ્રીમદ્ બુધ્ધિસાગર સુરિશ્વરજીએ ઉપર પ્રમાણેજ આત્માની સ્થીતીનું પુરેપુરું વર્ણન પોતાના અમૂલ્ય ગ્રંથોમાં આપેલું છે અને સમ્યગ દ્રષ્ટિ પ્રાપ્ત કરી જ્ઞાનમાં સ્થીર થઇ ઉત્તમ ચારિત્રથી અમર થઇ ગયા છે. તે પ્રમાણે જીવન વિતાવવાથી, આ જીવનમાં સુખ મળશે અને મૃત્યુનો મહોત્સવ કરી સમાધિ મરણમાં દેહ છોડી મુક્તિ પ્રાપ્ત કરી અમર થઈ જવાશે. તેજ મારા સુખનો માર્ગ છે.

## સાભાર સ્વીકાર (ગયા અંકથી ચાલુ)

**પ. પૂજ્યપાદ્ પન્યાસપ્રવર શ્રીમદ્ મહોદયસાગરજી ગણિવર્યના સદુપદેશથી**

| | | | |
|---|---|---|---|
| રૂા. | ૭૫) | શેઠ રમણલાલ ચકુલાલ શાહ | કપડવંજ |
| | ૫૧) | ,, કાન્તિલાલ શામળદાસ | ,, |
| | ૫૧) | ,, નગીનદાસ વાડીલાલ વકીલ | ,, |
| | ૩૧) | ,, પાનાચંદ હીમ્મતભાઇ ગાંધી | ,, |
| | ૩૧) | ,, શંકરલાલ છગનલાલ | ,, |
| | ૩૧) | ,, વાડીલાલ ગીરધરલાલ | ,, |
| | ૩૧) | ,, નગીનદાસ ગકુરભાઇ | ,, |

૩૦૧) ઉપરોક્ત રકમ કબાટ નિમીતે પંચપોળના શ્રાવક ભાઇઓ તરફથી
૫૧) શ્રી ઘડીયા જૈન સંઘ તરફથી

રૂા. ૫૧) પ. પૂ. સાધ્વીશ્રીજી વિદ્યાશ્રીજી તથા સા. શ્રી. વસંતશ્રીજીના સદુપદેશથી શ્રી. પાદરા જૈનસંઘ તરફથી (ચાલુ)




એક માણસ માર્ગમાં બેઠો હતો. એ રસ્તેથી અસંખ્ય ભક્તો ભગવાનના દર્શન કરવા જઇ રહ્યાં હતાં. રસ્તે જનારાં માણસો એને અહીં બેઠેલો જોઇ કહેતાં હતાં "અરે ! તમે હજી બેસી રહ્યા છો ! ચાલો ચાલો અમે સૌ ભગવાનનાં દર્શન કરવા જઇ રહ્યાં છીએ. તમે પણ ચાલો."

પણ એ માણસ ડોકું ધુણાવીને જવાબ દેતો : "ના ભાઈ ! હજુ મારી પાસે ભગવાનને ધરવાની વસ્તુ આવી નથી એ આવે એટલી વાર છે હું એની જ રાહ જોઉં છું !"

"પણ એ વસ્તુ ક્યાં છે ?"

"એજ મને ખબર નથી !" પેલો કહેતો.

આમને આમ સાંજ પડવા આવી. અસંખ્ય લોકો એ રસ્તે ગયા ને આવ્યાં, પણ હજી પેલો માનવી ત્યાંથી ઉઠયો નહતો. એ તો જાણે હજી કોઇની રાહ જોઇને બેસી જ રહ્યો હતો.

અંતે એક વૃદ્ધ જન દેખાયો. તેના ધોળા નિર્મળ વાળ પૂજ્ય ભાવ પ્રગટાવે તેવા હતા. તેણે કોઇક વસ્તુ આ માણસના હાથમાં આપી અને કહ્યું : "લ્યો આ વસ્તુ ભગવાનને ભેટ ધરજો. હવે તો મંદિરમાં જાઓ."

પેલા માણસે માથું ધુણાવ્યું. એણે એ વસ્તુ લીધી ખરી પણ એક બાજુ રાખી મુકી. તેણે કહ્યું, "હજી મારે વધુ મૂલ્યવાન વસ્તુ જોઇએ, આ નહિ."

થોડીવાર પછી એક જુવાન આવ્યો. તેણે એક સુંદર વસ્તુ આપી : "લ્યો આ તમારા ભગવાન માટે છે. હવે તો ઉપડો !" પેલો એ વસ્તુ સામે જોઇ રહ્યો. ચીજ ખરેખર સુંદર હતી. ઘણાને આકર્ષક લાગે તેવી હતી. પણ ફરી તેણે ડોકું ધુણાવ્યું : 'ના, આ વસ્તુ પણ નહિ. મારે આના કરતાં પણ વધારે મૂલ્યવાન વસ્તુ જોઇએ !" તેણે તે વસ્તુ પણ રાખી મૂકી.

થોડીવાર થઇને એક સુંદર સ્ત્રી આવી. તેણે એક વસ્તુ તેની સામે ધરી : "લ્યો !" તેણે કહ્યું : "ભગવાનનાં દર્શન કરવા હવે જાઓ. પછી વખત નહિ રહે. લ્યો ઊઠો."

અને તેણે તરત સસ્મિત એ વસ્તુ લઇ લીધી. "હું આ જ વસ્તુ માટે પ્રતિક્ષા કરતો બેઠો હતો. ભગવાનને ચરણે એ ધરવાની હતી. હું એની જ રાહ જોતો હતો." એટલું કહી તે મંદિર ભણી ચાલતો થયો.

જિંદગીની મુસાફરીએ નીકળેલા ઓ માનવ ! તારે આ વાત સમજવા જેવી છે. વૃદ્ધ આપ્યો તે જ્ઞાન હતું. જુવાન આપ્યો તે કર્મયોગ હતો. પણ પેલી સ્ત્રી જે વસ્તુ લાવી તે ભક્તિ હતી.

ભગવાનને ચરણે ધરવાં માટે બધામાં આ એકજ ચીજ વધારે મૂલ્યવાન હતી. અને તેણે એની જ પસંદગી કરી.

(હિંદી પરથી અનુવાદ...)

# ભૂતકાળની ભીતરમાં...

કોઈપણ વસ્તુ એકાએક આકાર પામતી નથી. તેની પાછળ ઘણા પરિબળો કામ કરતા હોય છે. તેની પાછળ ઘણા સમયના મંથન હોય છે. પ્રયાસો હોય છે.

તા. ૨૦-૧૧-૧૯૫૯ના સુવર્ણ દિને "બુદ્ધિપ્રભા" નો જન્મ થયો. તેનો પ્રથમ અંક બહાર પડ્યો. સમય વીતતો ગયો. એક વરસ પસાર થઈ ગયું. ૧૯૬૦ ની અગીયારમા માસની એ યાદગાર વીસમી તારીખ આવી.

માનવીનું જીવન ગમે તેવું હોય પરંતુ તેનો જન્મ દિવસ એ નથી ભૂલી શકતો. ભાવિની રૂપેરી આશાએ એ દિવસને તે વધાવે છે. આનંદ માણે છે. ભૂતકાળમાં ડોકીયું કરી, થયેલી ભૂલોને યાદ કરી ભાવિ તરફ મક્કમ પગલે કૂચ કરે છે. નવા સંકલ્પ લે છે અને ઉમંગથી એ ઉત્સવને ઉજવે છે.

અમે પણ તા. ૨૧-૧૧-'૬૦ ના રોજ "બુદ્ધિપ્રભા" ની વરસગાંઠ ઉજવી. એક વરસનું સરવૈયું કાઢ્યું. ભૂતકાળ ઉકેલ્યો. ભાવિ તરફ મીટ માંડી અને નવા શુભ સંકલ્પ કરી આનંદ માણ્યો.

અત્રેના (ખંભાત) નાના ચોળાવાડાના આયંબીલ ખાતાના મકાનમાં અમે એક સમારોહ ગોઠવ્યો. ઉપસ્થિત વડીલોના આશીર્વાદ માગ્યા. ભાવિ માટેની અમારી યોજના કહી. "બુદ્ધિપ્રભા"નો જન્મ કેવી રીતે થયો તેની વાત કહી.

આ સમારોહનો આનંદ અમને વિશેષ હતો કારણ અનેક દિવસની રાહ બાદ અમારી આગ્રહભરી નમ્ર વિનંતીઓનો શેઠ શ્રી કેશવલાલ બુલાખીદાસે "બુદ્ધિપ્રભા સંચાલક મંડળ" ના અધ્યક્ષપદે બિરાજવાનુ સ્વીકાર્યું હતું. અને તેમના જ આધિપત્ય નીચે સમારંભની ઉજવણી થવા પામી હતી. આ સમારોહમાં ખંભાતના સીવીલ જજ શ્રી યોગેશભાઈ દેસાઈ, અત્રેની નગરપાલિકાના અધ્યક્ષ શ્રી રણજીતરાય શાસ્ત્રી, અત્રેની વિનયન કોલેજના આચાર્ય શ્રી પુષ્કર ચંદરવાકર, સ્થાનિક પત્ર નવસંસ્કારના તંત્રી શ્રી અંબાલાલ દ. પંડિત, શ્રી ચીકુભાઈ આદિ મહેમાનો તેમજ શ્રી તપગચ્છ જૈન સંઘ, શ્રી ઓસવાળ સંઘ ને "બુદ્ધિપ્રભા"ના ગ્રાહક સભ્યો આદિ ઉપસ્થિત થયા હતા.

સમારોહની શરૂઆત મંડળના ઉત્સાહી કાર્યકર શ્રી પુંડરીકલાલ અમૃતલાલ ચોકસીએ કરી હતી. તેઓશ્રીએ શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસની પ્રમુખ તરીકે દરખાસ્ત મૂકી હતી જેનું અનુમોદન ઉમંગી કાર્યકર શ્રી પ્રવીણચંદ્ર રતીલાલ શાહે કર્યું હતું.

"બુદ્ધિપ્રભા" નું અસ્તિત્વ કેવી રીતે આવ્યું, તેમાં પોતે કેવી રીતે સામેલ થયા અને તેનો તેમણે કેવી રીતે ઉછેર કર્યો એનો નિખાલસપણે એકરાર કરતાં "બુદ્ધિપ્રભા" ના નવયુવાન તંત્રી શ્રી ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીયાએ પોતાના પ્રવચનમાં કહ્યું–આજથી દોઢ વરસ પહેલાં પૂ. મુનિરાજ શ્રી દુર્લભસાગરજી મ. સાહેબે મને બોલાવ્યો. શ્રીમદ્જીના કવનનો પ્રચાર થાય એવું સામયિક શરૂ કરવું છે તેની વાત કરી. તે અંગેની આર્થિક જવાબદારી પોતે ઉપાડી લેશે અને મને કીધું કે તમે પત્રનું સંચાલન કરો. અને હું તંત્રી બન્યો... પણ પત્ર અંગેના વહીવટનો તો મુદ્દલે ખ્યાલ નહતો. પ્રથમ જ વાર કોઈ જરૂરી કામે દિલ્હીના સચિવાલયમાં જઈએ અને કશું જ ભાન ન હોય અને ઘડી મૂંઝાઈ જઈએ તેવી જ મૂંઝવણ જ્યારે મેં તંત્રી બનવાનું સ્વીકાર્યું ત્યારે અનુભવી. જો કે પંડિતજી જેવા અભ્યાસી ને બહુશ્રુત તેમજ બીજા મુરબ્બીઓનો મને સાથ હતો. આથી મેં તેમના મદદનીશ તરીકે કામ કરવાનું માથે લીધું...

"બુદ્ધિપ્રભા" શરૂ કરવું છે એમ નક્કી કર્યું અને તે કામ અંગે અમે લાગી ગયા ત્યારે અમારી સામે અનેક સવાલો હતા. લેખન માટે સાહિત્ય નહતું,

લેખકોનો પણ સથવારો નહતો, ગ્રાહકોની પણ કોઈ ચોકકસતા નહતી, સંપાદન અંગેનો શુ અનુભવ નહતો અને ઘણી ઉતાવળમાં પ્રેસનું ખંભાતમાં નક્કી થયું ને "બુધ્ધિપ્રભા" નો પ્રથમ અંક પ્રગટ થયો.

ધીમે ધીમે એણે પા-પા પગલી ભરવા માંડી પછી અમને ખંભાત પ્રેસનો આર્થિક બોજ ભારે પડવાથી આણંદ ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં ગયા. પણ ઘરના દાઝયા વનમાં ગયાં ને ત્યાં યે લાગી આગ એવું બન્યું. અમે અહીં રહ્યા ને "બુધ્ધિપ્રભા" આણંદ ગયું. આથી અશુધ્ધિઓ રહી જવા પામી, અંકો અનિયમિત બહાર પડવા લાગ્યા, ને અનેક ફરિયાદો ઉભી થઈ. આ માટે અમે વેપારમાંથી સમય કાઢી સ્થિરતાથી ત્યાં રહી શકીએ તેમ નહતા. આથી ટપાલ મારફતે જે થતું તે બધું કરતા.

બીજો જ એવો એક જબરજસ્ત વિભાગ હતો પોસ્ટ ડીલીવરીનો. અંકો રવાના કરવાનો. અમારી પાસે એવો કોઈ પગારદાર સ્ટાફ નહતો. અમારૂં પોતાનું કાર્યાલય આજે પણ નથી. કોઇના મકાનમાં, અથવા પાઠશાળામાં બધા સેવાભાવી યુવાનો ભેગા મળતા અને તેમના સહકારથી આજ સુધી અમે તમારા ઘરે "બુધ્ધિપ્રભા" પહોંચતું કરતા આવ્યા છીએ.

આમ અનેક અથડામણોમાંથી પસાર થતાં આજ અમે એક વરસ પૂરૂં કર્યું છે. અમે કબુલીએ છીએ કે અમે આપવો જોઇએ તેવો સંતોષ દરેકને નથી આપી શક્યા. અમે દરેક અંકે રહી ગયેલી ખામીઓ, ખૂટતી કડીઓ, થઈ ગયેલી ભૂલો વ. ને સુધારી "બુધ્ધિપ્રભા" ને વધુ ને વધુ વાચન સભર ને જ્ઞાન સમૃધ્ધ બનાવવાનો સતત જાગૃત પ્રયત્ન રાખ્યો છે આમ રહેવા માટે હું મારા પૂજ્ય મુનિરાજો, વડીલો તેમજ સહ કાર્યકર ભાઇઓનો ખાસ આભારી છું." ત્યારબાદ તેઓશ્રીએ "બુધ્ધિપ્રભા" નો વાર્ષિક અહેવાલ ટૂંકમાં કીધો હતો જે અન્યત્ર પ્રગટ કર્યો છે. અને અંતમાં "બુધ્ધિપ્રભા" ભાવિમાં કેવું બનવા માગે છે તે અંગે બોલતાં કહ્યું—"શ્રીમદ્ બુધ્ધિસાગરજી અઢારે આલમના પૂજ્ય અવધૂત હતા. આથી તેમના કવનને જૈન સમાજ ઉપરાંત બીજા સમાજમાં પણ "બુધ્ધિપ્રભા" વંચાતું થાય તેવું કરવું છે. અત્યારે જો કે અમારે ઘણી મર્યાદામાં કામ કરવાનું છે. છતાંય એ બધામાંથી પસાર થઈ "બુદ્ધિપ્રભા" ને અમારે વિજયવંત બનાવવું છે.

અમે પાના વધારવા માંગીએ છીએ. અમે જાણીએ છીએ કે વાંચકોને વાર્તા વધુ ગમે છે ને તેની માંગ પણ દરેકના પત્રોમાં જણાય છે. એ માગને અમે પૂરી કરવા ઇચ્છીએ છીએ. આ વરસથી કાવ્યો લેવાના બંધ કર્યાં છે. તેમજ દરેક અંકે સમાજના પ્રશ્નોની સમીક્ષા કરતા તંત્રી લેખો પણ આપવાના છીએ. અને શ્રીમદ્જીનું ઓછામાં ઓછા ચાર પાનાનું સાહિત્ય આપવાનો વિચાર રાખીએ છીએ. દર અંકે એક મોટી બીજી એક નાની એમ બે વાર્તાઓ પણ દર અંકે આપવાના છીએ. વિશેષાંકો પણ માતબર કાઢીશુ ને તમને વધુ ને વધુ વાચન ને જ્ઞાન મળે તેવું "બુદ્ધિપ્રભા" અમારે બનાવવું છે⋯"

અંતમાં દરેકનો આભાર માની તેઓશ્રીએ સૌને પોતાનાથી બનતો બધો સહકાર આપવાની વિનંતી કરી પોતાનું પ્રવચન પુરૂં કર્યું હતું.

શ્રી. રતિલાલ બેચરદાસ શાહે "બુધ્ધિપ્રભા"ને આવકારતાં તેની નિરંતર પ્રગતિ વાંચ્છી હતી.

શ્રી પુંડરીકલાલ અમૃતલાલ ચોકસીએ "બુધ્ધિ-પ્રભા"ના ઘડતરમાં ને તેના જન્મ તેમજ ઉછેરમાં પં. પ્ર. પૂ. શ્રી મહોદયસાગરજી શ્રી દુર્લભસાગરજી, શ્રી ત્રૈલોક્યસાગરજી આદિ શ્રમણ ભગવંતોનો ફાળો અગત્યનો છે અને તેઓ સૌના શુભ આશીર્વાદ આ પત્ર પર છે એ અંગે ભાર મૂક્યો હતો અને ઉપસ્થિત સજ્જનોને સહકાર આપવા વિનંતી કરી હતી. (શ્રી પુંડરીકલાલ ચોકસી "બુધ્ધિપ્રભા" સંચાલક મંડળના એક જવાબદાર સભ્ય છે. તેઓશ્રી હિસાબી કામકાજ કરવાની સ્વેચ્છાએ તૈયારી બતાવી છે. પત્રના વિકાસ ને વ્યવસ્થામાં તેઓ શ્રીના ફાળો નોંધપાત્ર છે તંત્રીઓ.)

આચાર્યશ્રી પુષ્કર ચંદરવાકરે ગુર્જર સાહિત્યમાં જૈન મુનિઓ ને જૈન સંસ્કૃતિનો તેમજ ખંભાતનો ઘણો મહત્વનો ફાળો છે એ બાબત પર ભાર મૂક્યો

હતો અને અત્રેથી (ખંભાત) જ "બુદ્ધિપ્રભા" જેવું સામયિક પ્રગટ થાય છે તે માટે પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. અને પોતાના પ્રેરક પ્રવચનમાં પત્રના સંપાદન, પત્રના વહીવટ તેમજ પ્રેસ ને લેખકો માટે ઘણી વિશદતાથી સમજુતી આપી હતી. અને "બુદ્ધિપ્રભા" સૌના સાથ ને સહકારથી ઉત્તરોત્તર વિકાસ સાધશે એવી આશા વ્યક્ત કરી હતી અને અંતમાં પોતે પણ તેમાં ફાળો આપશે એવી ખાત્રી આપી હતી.

ન્યાયમૂર્તિ શ્રી યોગેશ દેસાઈએ આજના ધર્મની વિષમતાની સુંદર રીતે છણાવટ કરી હતી અને ક્રિયાકાંડે જે ઘર ઘાલ્યું છે તે પર બહુ જ માર્મિક રીતે પ્રવચન કર્યું હતું અને ધર્મને ચાર દિવાલમાંથી બહાર કાઢવાની આગ્રહભરી વિનંતી કરી હતી. આવી વિષમ પરિસ્થિતિમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજી જેવા મહાન કર્મયોગી સંતના કવનનું પ્રચાર કરતું "બુદ્ધિપ્રભા" નીકળે છે એ એક શુભ પગલું છે ને તે આવકારદાયક છે. અંતમાં તેમણે પત્રની સફળતા ચાહી હતી.

"બુદ્ધિપ્રભા"ના તંત્રી શ્રી છબિલદાસ કેસરીચંદ સંઘવીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે આજના પ્રવચનોમાંથી અમને ઘણું ઘણું માર્ગદર્શન મળ્યું છે. પ્રેરણા પણ મળી છે. આજે અમે છાપખાનું શરૂ કરી શકીએ તેમ છે પરંતુ અમારી પાસે તેનો બહોળો અનુભવ નથી છતાં અમે તે અંગે વિચાર જરૂર કરીએ છીએ. બીજુ અમારી ક્ષતિઓ પણ જરૂર છે અને અમારે તે દૂર કરવાનો પ્રયાસ પણ છે અને શ્રી કેશવલાલ બુલાખીદાસે અમારી વિનંતી સ્વીકારી મંડળના અધ્યક્ષ પદને સ્વીકૃતિ આપી છે તેનો અમને ઘણો આનંદ છે. અને અમને શ્રદ્ધા છે કે આપ સૌના ઉત્સાહભર્યા સાથ ને સહકારથી "બુદ્ધિપ્રભા"નો વિકાસ અમે જરૂર કરી શકશું."

મ્યુનિ. પ્રમુખ શ્રી રણજીત શાસ્ત્રી તેમજ શ્રી અંબાલાલ ક. પંડિતે "બુદ્ધિપ્રભા"ને મંગલ આશીષો આપી હતી અને "બુદ્ધિપ્રભા" વધુ ને વધુ સભર બનશે એવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી. પ્રધ્યાપક શ્રી અમીન ભાઈએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

સમારોહના અંતમાં પ્રમુખશ્રી કેશવલાલ બુલાખીદાસે પ્રવચન કર્યું હતું. પોતે કેમ પ્રમુખ બન્યા તે અંગે બોલતાં તેમણે જણાવ્યું-"પ્રમુખસ્થાન તરીકેની મારી જે વરણી કરવામાં આવી છે તે મારા માટે એ વિષયની અશક્તિ છે. અને મારી તો એ મારો વિષય નહી હોવાથી અનિચ્છા હતી. પણ તમારા સૌની શુભ લાગણીને હું અવગણી નથી શકતો. આથી મેં એ સ્વીકાર્યું છે. તમારો પ્રયાસ શુભ છે. વળી એક વરસમાં "બુદ્ધિપ્રભા" માસિકે પૂ. આ. ભગવંત કીર્તિસાગર સૂરિશ્વરજી તેમજ પૂ. પં. પ્ર. શ્રી મહોદય-સાગરજી ગણિવર્ય, પૂ. દુર્લભસાગરજી, પૂ. શ્રી ત્રૈલોક્ય-સાગરજી અને તંત્રીઓ ને બીજા સહ કાર્યકરો ને માનદ્ પ્રચારકોની મદદથી જે મુસાફરી કરી છે તેને માટે સૌને ધન્યવાદ ઘટે છે.

"બુદ્ધિપ્રભા" દિન પ્રતિદિન સહુના સહકાર સાથે ખૂબ ખૂબ આગળ વધી જ્ઞાનભક્તિની અણમોલ સેવા અહર્નિશ બજાવતું રહે એવી ઇચ્છા રાખું છું. અને મારા ક્ષેત્રને અનુકૂળ બનતી બધી જ રીતે સહકાર જરૂર આપીશ તેની ખાત્રી આપું છું."

પ્રવચનનો કાર્યક્રમ પૂરો થયા બાદ પ્રમુખશ્રીને ફૂલહાર કરવામાં આવ્યા હતા. અને આગંતુક મહેમાનો તેમજ પ્રમુખને શ્રીમદ્ બુદ્ધિસાગરજી રચિત કર્મયોગ–શ્રી કેશવલાલ બુલાખીદાસ, યોગ દીપક–યોગ સમાધિ–શ્રી પુષ્કર ચંદરવાકર અને શ્રી યોગેશ દેસાઈ અને પરમાત્મ જ્યોતિ–શ્રી રણજીતરાય શાસ્ત્રીને અર્પણ કરવામાં આવ્યાં હતાં.

અને આ અર્પણવિધિ થયા બાદ શ્રી રતિલાલ બેચરદાસ શાહે પ્રમુખશ્રીને હારતોરા કર્યા હતા. અને આભાર દર્શન કરી અલ્પાહાર લઇ સૌ વિખરાયા હતા.

પ્રવચન વખતે



પ્રમુખ શ્રી કેશવલાલ બુલાખીદાસ પ્રવચન આપી રહ્યા છે

# બોલતા આંકડા

બાર માસની કુલ કૃતિઓ:—

લેખ— ૬૪
કાવ્ય— ૨૧
વાર્તા— ૧૭
ચિંતનીકા— ૪

કુલ ૧૦૬

| અંક | | વરસની પૃષ્ઠ સંખ્યા | | |
|---|---|---|---|---|
| ૧ | કારતક | પાન ૨૮ | | |
| ૨ | માગશર | ,, ૨૦ | | |
| ૩ | પોષ | ,, ૨૪ | | |
| ૪ | મહા | ,, ૨૦ | | |
| ૫ | ફાગણ | ,, ૧૦ | | |
| ૬ | ચૈત્ર | ,, ૨૪ | | |
| ૭ | વૈશાખ | ,, ૨૪ | | |
| ૮-૯ | જેઠ-અષાઢ | ,, ૪૪ | શ્રીમદ્ જન્મજયંતિ અંક | વિશેષાંકો |
| ૧૦-૧૧ | શ્રાવણ-ભાદરવો | ,, ૨૮ | પર્યુષણાંક | વિશેષાંકો |
| ૧૨ | આસો | ,, ૪૮ | દીપોત્સવી અંક | વિશેષાંકો |
| | | કુલ ૨૬૬ | | |

તા. ૨૭-૧૧-૬૦ની સભાએ "બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ"ના હોદ્દેદારોની નીચે પ્રમાણે નિમણુંક કરી છે.

પ્રમુખ શ્રી. કેશવલાલ બુલાખીદાસ
ઉપ પ્રમુખ શ્રી. હીરાલાલ સોમચંદ
કોષાધ્યક્ષ શ્રી. પુંડરીકલાલ અમૃતલાલ ચોકસી
વ્યવસ્થાપક, શ્રી શાંતિલાલ અંબાલાલ
,, શ્રી. ચીમનલાલ અંબાલાલ
,, શ્રી. પ્રવીણચંદ્ર રતીલાલ

"બુદ્ધિપ્રભા" આ અંકથી અમે નડીઆદ ગુજરાત ટાઈમ્સ પ્રેસમાં છપાવવાનું નક્કી કર્યું છે. આમ દરથી બદલી નડીઆદ લાવતાં આ અંક અમે નિયમિત તારીખે આપને નથી આપી શક્યા તે માટે વાંચકો અમને ક્ષમા કરે. આવતો અંક તા. ૨૦મી એ પ્રગટ થશે તેની વાચકો ખાત્રી રાખે.



ડાબી બાજુ :– તંત્રીઓ શ્રી છબીલદાસ કેસરીચંદ સંઘવી, શ્રી બદ્રીકલાલ જીવાભાઇ કાપડીયા, જમણી બાજુ કાર્યકરો:– (આગળ) શ્રી પ્રવીણચંદ્ર રતીલાલ શાહ (તેમની બાજુમાં) શ્રી પુંડરીકલાલ અમૃતલાલ ચોકસી જમણી બાજુ વચમાં :– પ્રમુખ શ્રી કેશવલાલ બુલાખીદાસ



જમણી બાજુ વચમાં 'બુધ્ધિપ્રભા'ના પ્રમુખ શ્રી કેશવલાલ બુલાખીદાસ ડાબી બાજુ :– તંત્રીઓ શ્રી છબીલદાસ કેસરીચંદ સંઘવી, શ્રી બદ્રીકલાલ જીવાભાઇ કાપડીયા. જમણી બાજુ ખુરશી પ્રમુખ શ્રી વસંતરાય શાસ્ત્રી, ગુજરાતના જાણીતા સાહિત્યકાર અને ખંભાત કોલેજના પ્રીન્સી. શ્રી પુષ્કરચંદરવાકર

| અનુ. નંબર | અંકનો અનુક્રમ નંબર | કૃતિનું નામ | લેખ-વાર્તા કાવ્ય | સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | પ્રથમ અંક ૨૦-૧૧-'૫૯ના રોજ પ્રગટ થયો. | | | |
| ૧ | | લેખકઃ—શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ. સા. | | | |
| | ૨, ૩, ૪, ૭ | 'જાગો આત્મા-કર્મની સત્તા | (લેખ) | | |
| | ૮, ૯, ૧૦, ૧૧ | વંદેમાતરમ્—(કાવ્ય) જૈનમંદિરની | | | |
| | ૧૨ | આહલેખ (લેખ), કોઈનું બુરૂં ન કરો (કાવ્ય), | | | |
| | | જૈનાગમોમાં કર્મયોગની પુષ્ટિ (લેખ) પૈસાની | | | |
| | | માયા (કાવ્ય), અમરસિદ્ધિનો સાક્ષાત્કાર | લેખ | ૧૨ | |
| | | (લેખ), એક પત્ર—આત્મ અન્વેષણ (લેખ) | કાવ્ય | ૫ | |
| | | અભિપ્સા (લેખ) ઉદ્ગાર (લેખ) અભિગ્રહ | | | ૧૭ |
| | | (લેખ) એકરાર ને આદેશ (લેખ) તમે વીર | | | |
| | | બનો (લેખ), મિત્તીમેં સવ્વ ભૂએસુ (લેખ) | | | |
| | | ઝેરના સરખાં (કાવ્ય) મંગલ પ્રભાતે (કાવ્ય) | | | |
| ૨ | | લેખકઃ—શ્રી નટવરલાલ એસ. શાહ | | | |
| | ૩, ૪, ૫, ૬, ૭, | વિદ્યુત વાણી, સમાચાર સંકલન વિભાગ, | કાવ્ય | ૬ | |
| | ૮, ૯, ૧૦, ૧૧ | સ્મરણાંજલિ (કાવ્ય), | | ૧ | ૭ |
| ૩ | | લેખકઃ—આ. મ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા. | | | |
| | ૧, ૨, ૩, ૪, ૬, | જૈન દર્શનમાં કર્મની પ્રધાનતા, | લેખ | ૬ | |
| | ૭, ૧૦, ૧૧, ૧૨ | શિયળનો આદર્શ, હૈયાનો ડંખ, | | | |
| | | શોધો ને આગળ વધો, અમર શીખ, | | | ૬ |
| | | પ્રકાશની પગદંડી | | | |
| ૪ | | શ્રી પ્રકાશ જૈન સારીઆબર | | | |
| | ૨, ૩, ૪, ૬, | રાગમાંથી વિરાગ (વાર્તા) (આબુ) સંસાર | લેખ | ૩ | |
| | ૮, ૯, ૧૨ | ચક્રની ઘરમાળ (લેખ) રાજાધિરાજ (વાર્તા) | વાર્તા | ૨ | |
| | | યોગીવરની જીવનપ્રભા (લેખ) મહાવીર | | | ૫ |
| | | મહાક્રાન્તિ (લેખ) | | | |
| ૫ | | લેખકઃ—શ્રી વસિષ્ઠજી યાજ્ઞિક, હળવદકર (આયુર્વેદાલંકાર) | | | |
| | ૧-૨-૩-૮-૯ | શ્રીમદ્જીનું કાન્તદર્શન, મૂર્તિપૂજાનું | લેખ | ૪ | ૪ |
| | ૧૦-૧૧-૧૨ | વૈજ્ઞાનિક રહસ્ય, આબુ, અમૂલ્ય | | | |
| | | અવસર, દીપાવલી એક અધ્યયન. | | | |
| ૬ | | લેખકઃ—શ્રી મણિલાલ હ. ઉદાણી, એમ. એ. (અમેરિકા) એલએલ. બી. એડવોકેટ, રાજકોટ. | | | |

## વિદાય



જમણી બાજુ : પ્રથમ : પ્રધ્યાપક શ્રી અમીન, શ્રી અંબાલાલ હ. પંડિત, શ્રી રતિલાલ બેચરદાસ શાહ, તંત્રી શ્રી છબીલદાસ કેસરીચંદ સંઘવી, શ્રી પુંડરીકલાલ અમૃતલાલ ચોકસી, શ્રી રણજીતરાય ગંગાશંકર શાસ્ત્રી, ( પાછળ તંત્રી શ્રી ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીયા (તેમની પાછળ) માનદ્ પ્રચારક શ્રી પોપટલાલ પાનાચંદ. વચમાં :-પ્રમુખ શ્રી કેશવલાલ બુલાખીદાસ. પ્રમુખની ડાબી બાજુ :- ન્યાયમૂર્તિ શ્રી ચેંગેશ દેસાઈ

| અનુ. નંબર | અંકનો અનુક્રમ નંબર | કૃતિનું નામ | લેખ-વાર્તા કાવ્ય | સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| | ૧, ૨, ૮-૯, ૧૨ | કર્મયોગી મહાત્માઓ, યોગીનો આદેશ શક્તિનો પ્રકાશ, ચોપડો બોલે છે. | લેખ | ૪ | ૪ |
| ૭ | | લેખકઃ-શ્રી. ગણેશ પરમાર | | | |
| | ૩, ૫, ૮-૯, ૧૨ | શ્રી. પાદરાકરને અંજલિ, શ્રીમંતોને પુકાર, અંજલિ, વાલીડો મહાવીર | કાવ્ય | ૬ | ૬ |
| ૮ | | લેખકઃ-શ્રી ભોગીન ભરવાડ (તરંગી) | | | |
| | ૫, ૬, ૧૨ | સાહિત્ય સરિતા-જુની નવી | લેખ | ૩ | |
| | | શાયરી, આત્માનું મુક્ત ઉડ્ડયન, અંતરનાં અંધારા | કાવ્ય | ૧ | ૪ |
| ૯ | | લેખકઃ-શ્રી ચિત્રભાનુ | | | |
| | ૭, ૧૦, ૧૧, ૧૨ | શું શીતળદાસ, તૃષ્ણાની અગાધ | વાર્તા | ૨ | |
| | | સરીતા, જાગ ! ઓ વીરના સપૂત! | લેખ | ૧ | ૩ |
| ૧૦ | | લેખકઃ-શ્રી. રાજેશ | | | |
| | ૬, ૭, ૧૨ | પદ્મપરાગ (ચિંતનીકા) કટાક્ષિકા, | ઇતર | ૨ | |
| | | પતનને પગથારેથી | વાર્તા | ૧ | ૩ |
| ૧૧ | | લેખકઃ-પૂ. મુનિરાજ શ્રી ત્રૈલોક્યસાગરજી મ. સા. | | | |
| | ૧, ૨, ૩, ૬ | શાશ્વત સુખનો ધોરી માર્ગ, ચાલુ શ્રી જિનેશ્વર કલ્યાણક તિથિપત્ર, ભગવાન મહાવીરનો સંદેશ | લેખ | ૩ | ૩ |
| ૧૨ | | લેખક :-શ્રી. જયભિખ્ખુ. | | | |
| | ૭, ૮-૯ ૧૨, | મનમાં કારણ, શ્રદ્ધાંજલિ (લેખ) | લેખ | ૧ | |
| | | યોગીનાં આંસુ. | વાર્તા | ૨ | ૩ |
| ૧૩ | | લેખક :-શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી | | | |
| | ૫, ૭, ૮-૯ | સમયનો નાદ, ઉગતી પેઢીને હાકલ, | લેખ | ૩ | |
| | | અલખનો નાદ. | | | ૩ |
| ૧૪ | | લેખક :-શ્રી. નાગકુમાર મકાતી | | | |
| | ૩, ૬, ૧૨. | સરસ્વતીનો સપૂત, દૂર દૂર દેશના દરવેશ, શાંતિની શોધમાં. | લેખ | ૩ | ૩ |
| ૧૫ | | લેખક :-શ્રી ગુણવંત શાહ. | | | |
| | ૩, ૪, ૫, ૮-૯ | મહર્ષિ આર્યરક્ષિત, રથનેમી. | વાર્તા | ૩ | |
| | | ને રાજુલ, ચિરંતન પ્રેમ, ચાલુ | | | ૩ |

| અનુ. નંબર | અંકનો અનુક્રમ નંબર | કૃતિનું નામ | લેખ-વાર્તા કાવ્ય | સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧૬ | | લેખક :-પૂ. મુનિરાજ શ્રી. દુર્લભસાગરજી મ. સા. | | | |
| | ૧, ૬, | સુવર્ણ પરિમલ પુષ્પવાટિકા (ચિંતનિકા), મહાવીર જન્મ. | ઇતર | ૧ | |
| | | ગહુંલી ( કાવ્ય ). | કાવ્ય | ૧ | ૨ |
| ૧૭ | | લેખિકા :- પૂ. સા. મ શ્રી. વસંતપ્રભાશ્રીજી મ. સા. | | | |
| | ૧૦-૧૧-૧૨ | પર્વકર્તવ્ય ગીત, જ્ઞાન સીતારો. | કાવ્ય | ૨ | ૨ |
| ૧૮ | | લેખક :-શ્રી. વાડીલાલ જીવાભાઇ ચોકસી. એમ. એ. | | | |
| | ૧૦-૧૧-૧૨ | રાગમાંથી વિરાગ, પર્વાધિરાજ. | લેખ | ૨ | ૨ |
| ૧૯ | | લેખક :-શ્રી. ભગુભાઇ એ. શાહ. | | | |
| | ૭, ૧૨. | પાળે તેનો ધર્મ, એકજ ચિનગારી | વાર્તા | ૨ | ૨ |
| ૨૦ | | લેખક :-શ્રી. રમણલાલ ભોગીલાલ પરીખ. | | | |
| | ૫, ૭. | ચિંતન-મનન, અરિહંત. | લેખ | ૨ | ૨ |
| ૨૧ | | લેખિકા :- શ્રીમતિ હસુબેન એચ. સરૈયા. કુમારી નિર્મળાબેન ગારીઆધર. | | | |
| | ૪, ૬. | નારી જગતના સુસવાટા, | લેખ | ૨ | |
| | | વંદન હો મહાવીરની વીરતાને | | | ૨ |
| ૨૨ | | લેખિકા :- કુ. પ્રશ્નાબેન ધરમશી. | | | |
| | ૫, ૬. | નવકાર મંત્રનો મહિમા ને ફુલ | લેખ | ૨ | |
| | | ,, મહિમા. | | | ૨ |
| ૨૩ | | લેખક :-ડૉ. શ્રી ભોગીલાલ ફકીરચંદ ગાંધી. | | | |
| | ૧, ૨. | આરોગ્ય અને ધર્મ, તમે તમારા | લેખ | ૨ | |
| | | ડોકટર બનો. | | | ૨ |
| ૨૪ | | લેખક :-પૂ. પં. પ્ર. શ્રી. મહોદય સાગરજી ગણિવર્ય. | | | |
| | | આગમવાણી વીરસ્તુતિ. | લેખ | ૧ | ૧ |
| ૨૫ | | લેખક :- પૂ. પં. પ્ર. શ્રી. કનકવિજયજી ગણિવર્ય | | | |
| | ૨. | મનન મધુ. | ચિંતનીકા | ૧ | ૧ |
| ૨૬ | | લેખક :-પૂ. મુનિરાજશ્રી. નિરંજન વિજયજી મ. સા. | | | |
| | ૭-૮-૯ | ભ. મહાવીર ને ગૌતમસ્વામિની | વાર્તા | ૧ | |
| | | ગોષ્ટી (સચિત્ર) ચાલુ. | | | ૧ |
| ૨૭ | | લેખક :-સ્વ. શ્રી. મણિલાલ મોહનલાલ પાદરાકર. | | | |
| | ૧ | શ્રી. સદ્‌ગુરૂ મંગલાષ્ટક. | કાવ્ય | ૧ | ૧ |

| અનુ. નંબર | અંકનો અનુક્રમ નંબર | કૃતિનું નામ | લેખ-વાર્તા કાવ્ય | સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૨૮ | | લેખિકા:- પૂ. સા. મ. શ્રી. સહૃકીર્તિલતાશ્રીજી મ. સા. | | | |
| | ૧ | બુધ્ધિપ્રભા જયવંત રહો | કાવ્ય | ૧ | ૧ |
| ૨૯ | | લેખિકા :-પૂ. સા. મ. શ્રી. કલ્પલતાશ્રીજી મ. સા. | | | |
| | ૮-૯ | ગુરૂદેવને. | લેખ | ૧ | ૧ |
| ૩૦ | | લેખિકા:-પૂ. સા. મ. શ્રી. ખાંતિશ્રીજી મ. સા. | | | |
| | ૧૦-૧૧ | અનાદિનાં અંધારા. | લેખ | ૧ | ૧ |
| ૩૧ | | લેખિકા :- પૂ. સા. મ. શ્રી. વિબોધશ્રીજી મ. સા. | | | |
| | ૧૨ | ગૌતમ બોલેરે. | કાવ્ય | ૧ | ૧ |
| ૩૨ | | લેખિકા :- શ્રીમતિ વિજયાબેન વાડીલાલ શાહ | | | |
| | ૬. | એક સત્ય ઘટના. | વાર્તા | ૧ | ૧ |
| ૩૩ | | લેખિકા :- કુ. ઉષાબેન જોષી ( ધૂમકેતુ ). | | | |
| | ૧૦-૧૧ | આશાનાં અધૂરાં ગીત. | વાર્તા | ૧ | ૧ |
| ૩૪ | | લેખક :-શ્રી. શ્રીચીમનલાલ સાંડેસા. | | | |
| | ૧૨ | અર્ધ્ય | કાવ્ય | ૧ | ૧ |
| ૩૫ | | લેખક :- શ્રી રસિકલાલ કેશવલાલ શાહ | | | |
| | ૬ | ભજ મહાવીર | કાવ્ય | ૧ | ૧ |
| ૩૬ | | લેખક :- શ્રી નિર્મળ | | | |
| | ૬ | વર્ષી તપનાં પારણાં | લેખ | ૧ | ૧ |
| ૩૭ | | લેખક :- શ્રી વિનોદચંદ્ર હેમચંદ્ર શાહ | | | |
| | ૬ | મુક્તિ રાહ બતાવ | કાવ્ય | ૧ | ૧ |
| ૩૮ | | લેખક :- શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ મહાતા | | | |
| | ૮ | ધર્મી નરકે પાપી સ્વર્ગે | વાર્તા | ૧ | ૧ |
| ૩૯ | | લેખક :- શ્રી કીર્તિકુમાર શાહ | | | |
| | ૫ | પ્રભુ નૈયા લગાના પાર | કાવ્ય | ૧ | ૧ |
| ૪૦ | | લેખક :- શ્રી શેખર | | | |
| | ૩ | જિંદગીનો સ્વયંવર | વાર્તા | ૧ | ૧ |
| ૪૧ | | લેખક :- શ્રી મૃદુલ | | | |
| | ૧૨ | ચિંતનની કણિકાઓ | | ૧ | ૧ |

## પંન્યાસ પ્રવર શ્રીમદ સુબોધસાગરજી ગણિવર્યની સાન્નિધ્યમાં પ. પુ. મુનિરાજ શ્રી મનહરસાગરજી તથા પ. પુ. મુનિરાજ શ્રી મુક્તિસાગરજીના સદુપદેશથી

(ગયા અંકથી ચાલુ)

### વર્ષીય

(૧) શ્રી૦ નંદલાલ વીઠ્ઠલદાસ ભાવનગર
(૨) ,, મનસુખલાલ નાગરચંદ પારેખ ,,
(૩) ,, નિરંજન ચુનીલાલ ,,
(૪) ,, શાંતિલાલ ખોડીદાસ ,,
(૫) ,, મનસુખલાલ હરગોવનદાસ ,,
(૬) ,, રમણીકલાલ ચુનીલાલ ,,
(૭) ,, ગીરધરલાલ લાલચંદ ,,
(૮) ,, સંઘવી ચરમવાળા ,,
(૯) ,, લખમીચંદ હીરાચંદ ,,
(૧૦ ,, જયંતિલાલ ઉમેદચંદની કું૦ ,,
(૧૧) ,, પ્રભુદાસ મુળચંદ ,,
(૧૨) ,, હીરાલાલ મણીલાલ ,,
(૧૩) ,, ચંપકલાલ લખમીચંદ ,,
(૧૪) ,, હરિદરાય તલકચંદ ,,
(૧૫) ,, અમરચંદ ગોરધનદાસ ,,
(૧૬) ,, હરગોવનદાસ વીઠલદાસ ,,
(૧૭ ,, ધરમચંદ હરગોવનદાસ ,,
(૧૮) ,, પ્રતાપરાય રતીલાલ ,,
(૧૯) ,, હિંમતલાલ ધનજીભાઈ ,
(૨૦) ,, શાંતિલાલ નાનચંદ ,,
(૨૧) ,, હિંમતલાલ ગુલાબચંદ ,,
(૨૨) ,, ઉત્તમચંદ મોહનલાલ ,,
(૨૩ ,, વાડીલાલ જીવરાજભાઈ ,,
(૨૪) ,, ચુનીલાલ પોપટલાલ ,,
(૨૫) ,, મનસુભાઈ વીરમલાલ ,,

## પ. પુ. પંન્યાસપ્રવર શ્રી મનહરવિજયજી ગણિવર્યની શુભ પ્રેરણાથી

### પંચવર્ષીય

(૧) દોશી ચુનીલાલ પરમાનંદ જુનાગઢ

### વાર્ષિક

(૨) શ્રી૦ જયંતિલાલ શાંતિલાલ શાહ દોશી ,,
(૩) ,, નેમચંદ સુવચંદ શાહ ,,
(૪) ,, દુર્લભજી નાનજી દોશી જુનાગઢ
(૫) ,, ગુલાબચંદ જેચંદભાઈ શાહ ,,

## પ. પુ. પં. પ્રવર શ્રી. સુભદ્રસાગરજી ગણિવર્યની શુભ પ્રેરણાથી

### વાર્ષિક

(૧) શ્રી૦ હરખચંદ હીરાલાલજી એદલાપુર
(૨) ,, ભોગીલાલ ગુલાબચંદ ,,
(૩) ,, ચિંતામણી પાર્શ્વનાથજી સંસ્થા ,,
(૪) ,, સોમચંદ તિલકચંદ ,,

## પ. પુ. મુનિરાજ શ્રી કંચનવિજયજી મ. સા. ની શુભ પ્રેરણાથી

### ત્રણવર્ષીય

(૧) શ્રી. અરૂણકુમાર કાંતિલાલ ગોધરા
(૨) ,, વાડીલાલ છગનલાલ શાહ ,,

## શ્રી મનુભાઈ તેજપાલ પરીખની શુભ પ્રેરણાથી

### વાર્ષિક

(૧) શ્રી. લાલભાઈ બાપાભાઈ અમદાવાદ
(૨) ,, જેશીંગલાલ છોટાલાલ ,,
(૩) ,, અમૃતલાલ શીવલાલભાઈ ,,
(૪) ,, છન્નાલાલ નાથાલાલ ,,
(૫) ,, રમેશચંદ્ર શાંતિલાલ ,,
(૬) ,, નવીનચંદ્ર લાલભાઈ ,,
૭ ,, લાલભાઈ મોહનલાલ મહેતા ,,
(૮) ,, માધવલાલ મણીલાલ શેઠ ,,
(૯) ,, હરખચંદ કચરાભાઈ સંઘવી સાણંદ

## શ્રી મંગળદાસ ગુલાબચંદ માસ્તરની શુભ પ્રેરણાથી

### વાર્ષિક

(૧) શ્રી. રતનચંદ લાલચંદ મહુડ
(૨) ,, ચતુરલાલ ગોકલદાસ ,,
(૩) ,, હરજીભાઈજી ગોવિંદજી ,,

(૨) ,, ગોવિન્જી ધરમશી મસુર
(૫) ,, પોપટલાલ ગોકલદાસ (૩ વરસ) ,,

**શ્રી મુલજીભાઈ જગજીવનભાઈની**
**શુભ પ્રેરણાથી**
**પંચવર્ષીય (મુંબઈ)**

(૧) શ્રી. કાન્તીલાલ ધનાચંદ
(૨) ,, સુરેન્દ્ર તુલસીદાસ
(૩) ,, ઉપેન્દ્ર બ્રધર્સ
(૪) ,, ફુલચંદ હેમરાજ
(૫) ,, વ્રજલાલ બાદરજી
(૬) ,, જવેરીલાલ બ્રધર્સ
(૭) ,, પ્રેમજી ખુશાલભાઈ
(૮) ,, વેણીલાલ મોહનલાલ
(૯) ,, મુલજીભાઈ જગજીવન
(૧૦) ,, ફુલચંદ પ્રાગજીભાઈ
(૧૧) ,, ચીમનલાલ પોપટલાલ
(૧૨) ,, સુખરાજ રાજપાલની કું૦
(૧૩ ,, માદણભાઈ ધનજીભાઈ
(૧૪) ,, હરખચંદ વસનજીભાઈ
(૧૫) ,, સુમતીલાલ ગીરધરલાલ

**શ્રી નાગરદાસ અમથાલાલ (મહુડીયાવાળા)**
**ની શુભ પ્રેરણાથી**
**પાંચ વરસના (અમદાવાદ)**

(૧) શ્રી. સારાભાઈ લાલભાઈ

**ત્રણ વરસ**

(૨) શ્રી. મોતીલાલ મોહેલાલ

**વરસના**

(૩) શ્રી. બાબુભાઈ કચરાભાઈ
(૪) ,, ધીરજલાલ મોહનલાલ
(૫) ,, મોહનલાલ પ્રેમચંદભાઈ
(૬) ,, બાબુલાલ લાલભાઈ
(૭) ,, ભરતકુમાર ચંદુલાલ
(૮) ,, મફતલાલ લલ્લુભાઈ
(૯) ,, નાગરદાસ અમથાલાલ
(૧૦) ,, હીંમતલાલ મોહનલાલ
(૧૧) ,, શાંતિલાલ ચુનીલાલ
(૧૨) ,, પાનાચંદ છોટાલાલ સંઘવી
(૧૩) ,, ચન્દ્રલાલ હરિલાલ
(૧૪) ,, ધનપાલ રમેશચંદ
(૧૫) ,, મુલચંદભાઈ જમનાદાસ
(૧૬) ,, રસીકલાલ ચીમનલાલ
(૧૭ ,, બાબુભાઈ ભગવાનદાસ પંડીત
(૧૮) ,, બાબાભાઈ ચુનીલાલ
(૧૯) ,, પોપટલાલ રતનચંદ
૨૦) ,, ભોગીલાલ નગીનદાસ
C/o. શ્રી ઉંઝા ફાર્મસી-ઉંઝા
(૨૧) શ્રી જેઠાલાલ ડાહ્યાલાલ ભાવનગર

## અભિવાદન ને આભાર

આ. મ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા. નવું ચોમાસું કપડવંજ મુકામે કર્યું. તેમની શુભ પ્રેરણાથી "બુધ્ધિપ્રભા" નો ત્યાં ખૂબ પ્રચાર થયો. અને તેને સાથ ને સહકાર આપવા નીચેના નીચેના ભાઈઓએ પોતાની યથાયોગ્ય સેવા આપવાની તૈયારી બતાવી. અને સ્વેચ્છાએ માનદ પ્રચારકનું કામ કરવાની તૈયારી બતાવી છે. તેઓની ઉમદા ભાવનાનું અમે અભિવાદન કરીએ છીએ. આ અંકમાં કપડવંજની જે નામાવલી પ્રગટ થઈ છે તે તેઓના જ શુભ પ્રયાસનું ફલસ્વરૂપ છે. તેઓની "બુદ્ધિપ્રભા" માટેની મમતા અને તે અંગેના સજાગ પ્રયત્નોનો અમે આભાર માનીએ છીએ. અને 'બુધ્ધિપ્રભા' નો વધુ ને વધુ ફેલાવો કરે તેવી વિનંતી કરીએ છીએ.

(૧ શ્રી રમણલાલ જેચંદભાઈ કાપડ બજાર કપડવંજ
(૨ ,, હરગોવિંદદાસ સાંકળચંદ (અધ્યાપક
C/o. શ્રી અભયદેવસૂરી જ્ઞાનમંદિર, કપડવંજ
(૩ ,, મનુભાઈ માણેકલાલ આંત્રોલી

## * "બુદ્ધિપ્રભા" ના માનદ્ પ્રચારકો *

(૧) નાનાલાલ હીરાલાલ એન્ડ કું. એડન કેમ્પ.
(૨) સેવંતીલાલ ચીમનલાલ દાણી
૪૦/-બરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા
(૩) રમેશચંદ્ર ટી. શાહ, મહાત્મા ગાંધીરોડ, સીકંદરાબાદ
(૪) નાનાલાલ ચીમનલાલ
શાહપુરી પેઠ, કોલ્હાપુર (મહારાષ્ટ્ર)
(૫) રમણીકલાલ ચીમનલાલ દાણી. D. M. E.
જૈન સોસાયટી, પ્લોટ નં. ૧૪૭ બીજેમાળે, મુંબઈ-૨૨
(૬) જયંતીલાલ લલ્લુભાઈ દલાલ. ૫૨-ચંપાગલી, મુંબઈ-૨
(૭) રજનીકાંત ગીરધરલાલ
૫૫-શરીફ દેવજી સ્ટ્રીટ, ચોથે માળે મુંબઈ-૩
(૮) રમણીકલાલ ગીરધરલાલ
ખેતવાડી મેઈનરોડ, કૃષ્ણ ભુવન
યુનીઅન હાઈસ્કુલ સામે મુંબઈ-૪
(૯) ચંદુલાલ જે. શાહ ખંભાતવાળા
૬૩/૬૭ ચકલા સ્ટ્રીટ, બીજે માળે મુંબઈ-૩
(૧૦) મહેશ પરમાર
ઝવેરી મેનશન, કમલરેસ્ટોરાં સામે, મુંબઈ ૪
(૧૧) પ્રકાશ જૈન મારીઆધારકર
અહિંસાભવન, નગરશેઠનો વંડો, અમદાવાદ
(૧૨) અમૃતલાલ સકરચંદ
રતનપોળ, ઝવેરીવાડમાં આંબલીપોળ, અમદાવાદ
(૧૩) ચંદુલાલ એમ પરીખ. ગુસા પારેખની પોળ,
દેરાસર પાસેની ખડકીમાં અમદાવાદ
(૧૪) રતીલાલ કેશવલાલ પ્રાંતીજવાળા
ખના સુતારની પોળ, અમદાવાદ
(૧૫) નાગરદાસ અમથાલાલ (મહુડીવાળા)
૨૧/-જૈન સોસાયટી, એલીસબ્રીજ અમદાવાદ-૭
(૧૬) રસીકલાલ હરીલાલભાઈ
૨૬/-જૈન મરચન્ટ સોસાયટી-અમદાવાદ-૭
(૧૭) પ્રવીણચંદ્ર છોટાલાલ
જૈન દેરાસર પાસે, અમદાવાદ-૫ સાબરમતી
(૧૮) બાબુલાલ ચંદુલાલ. દીપકભુવન, જૈન દેરાસર પાસે,
મણીનગર, અમદાવાદ-૮
(૧૯) રસિકલાલ નગીનદાસ પાદરાવાળા
વરસોડાની ચાલ, સાબરમતી, અમદાવાદ-૫
(૨૦) સાગરગચ્છ કંનીટીની પેઢી, સાણંદ.
(૨૧) હસમુખભાઈ ગોવિંદજી મહેતા. સાણંદ
(૨૨) કાંતિલાલ રાયચંદભાઈ મહેતા. સાણંદ
(૨૩) શાંતિલાલ કેશવલાલ. દેવશાના પાડાની બહાર,
અનિલ વિલાસ, ત્રીજે માળે, અમદાવાદ
(૨૪) જશવંતલાલ ગીરધરલાલ શાહ
C/o. જૈન પ્રકાશન મંદિર, દોશીવાડાની પોળ અમદાવાદ
(૨૫) પોપટલાલ પાનાચંદ. નવધરી, પાદરા (જી. વડોદરા)
(૨૬) બાપુલાલ મોતીલાલ
વાસણના વેપારી કંસારા બજાર, નડીઆદ.
(૨૭) શ્રી લલ્લુભાઈ રાયચંદ
C/o. ભારત વોચ કું. સ્ટેશનરોડ, આણંદ
(૨૮) મનુભાઈ ખીમચંદ. આકલાવ
(૨૯) પોપટલાલ પાનાચંદ ગાંધી
બજારમાં, ધંધુકા (જી. અમદાવાદ)
(૩૦) શ્રી મહાસુખલાલ અમૃતલાલ કારપટીયા
રાજકાવાડા, અદજી મહેતાનો પાડો, પાટણ ઉ. ગુ.)
(૩૧) ભોગીલાલ અમથાલાલ વખારીયા
C/o, શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરી
જૈન જ્ઞાન મંદિર, વીજાપુર (ઉ. ગુ.)
(૩૨) ડૉ. બાબુભાઈ મગનલાલ
પીલજંજરોડ, મહેસાણા (ઉ. ગુ.
(૩૩) પારિ ન્યાલચંદ ડાહ્યાભાઈ. શિયાણી, લિંબડી થઈ।
(૩૪) ભોગીલાલ નરોતમદાસ ધોલેરાવાળા
C/o. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી
જૈન દેરાસર, સુરેન્દ્રનગર
(૩૫) દીનકરરાય મોહનલાલ. ઘોઘીશેરી, શિહોર (સૌરાષ્ટ્ર)
(૩૬) નગીનદાસ જસરાજ, જીવનનિવાસ, પાલિતાણા
(૩૭) જેસંગલાલ લક્ષ્મીચંદ. ગઢ (જી. બનાસકાંઠા)
(૩૮) માનચંદ દીપચંદ ૧૬૫૦/ શુક્રવાર પેઠ પુના-૨
(૩૯) હસમુખભાઈ રાયચંદ. શીયાપુર ઘર નં. ૧૪૦. વડોદરા
(૪૦) ચતુરદાસ ભીખાભાઈ. વડોદરા
(૪૧) ચીમનલાલ રતનચંદ સાંડસા
રાજપુર (ડીસા) જી. બનાસકાંઠા
(૪૨) રમણલાલ જેચંદભાઈ કાપડ બજાર, કપડવંજ
(૪૩) હરગોવિંદદાસ સંપ્રીતદાસ (અધ્યાપક)
શ્રી અભયદેવસૂરિ જ્ઞાનમંદિર કપડવંજ
(૪૪) મનુભાઈ માણેકલાલ. આંત્રોલી

# ચાલુ સફરે............

ધીમે ધીમે પડતા આખડતા પણ "બુદ્ધિપ્રભા" એ મકકમ પગલે એની કૂચ ચાલુ રાખી છે. આજે એ બીજા વરસમાં પ્રવેશ કરે છે. એક વરસમાં એણે નોંધપાત્ર સફર કરી છે.

માત્ર એક જ વરસમાં એણે **અઢી હજાર** ઘરોમાં પોતાનું સ્થાન જમાવ્યું છે.

માનદ્ પ્રચારકોની લાંબી એવી એક હારમાળા ઊભી કરી છે.

આચાર્ય ભગવંતો, સામાજિક કાર્યકરો, દાતાઓ, માનદ્ કાર્યકરો આદિનું સારું એવું જુથ ઊભું કર્યું છે.

શ્રી જયભિખ્ખુ, શ્રી ચિત્રભાનુ, શ્રી રાજેશ, શ્રી મણીલાલ ઉદાણી, શ્રી વસિષ્ઠજી યાજ્ઞિક, શ્રી નાગકુમાર મકાતી, શ્રી નટવરલાલ શાહ જેવા અભ્યાસી ને પ્રસિદ્ધ લેખકોનું એક અનેરું મંડળ ઊભું કર્યું છે.

નવોદિત લેખકોને પણ યોગ્ય સ્થાન આપ્યું છે.

કલકત્તા, સિકંદરાબાદ, મદ્રાસ, પૂના, કોલ્હાપુર, મુંબઇ, વડોદરા, અમદાવાદ, રાજકોટ, જુનાગઢ, ભાવનગર દિલ્હી જેવા મોટા મોટા શહેરો તેમજ કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, સાબરકાંઠા, પંચમહાલ આદિ જીલ્લાના નાના મોટા અનેક ગામોમાં એણે વિસ્તાર કર્યો છે.

તંત્રીલેખ. પ્રાસંગિક નોંધો, શાસન સમાચાર ને એક જ વરસમાં ત્રણ સમૃદ્ધ વિશેષાંકો ( પર્યુષણ અંક, શ્રીમદ્જી જન્મ જયંતિ અંક ને દીવાળી અંક ) આપ્યાં છે.

અને આ બધુંય છતાં લવાજમનાં તેમજ જાહેર ખબરના દર અપેક્ષાએ ઘણાજ ઓછા છે.

| | | | |
|---|---|---|---|
| પાંચ વરસના ગ્રાહકના | રૂા. ૧૧ : ૦૦ | બે વરસના ગ્રાહકના | રૂા. ૫ : ૦૦ |
| ત્રણ " " | રૂા. ૭ : ૦૦ | એક " " | **માત્ર અઢી રૂપિયા** |

## જાહેર ખબરના ભાવ

| પેજ | વાર્ષિક | છ માસિક | ત્રિમાસિક | માસિક |
|---|---|---|---|---|
| ૧ | ૧૭૫ | ૧૦૦ | ૬૦ | ૨૦ |
| ½ | ૧૦૦ | ૬૦ | ૩૫ | ૧૫ |
| ¼ | ૬૦ | ૩૫ | ૨૦ | ૮ |
| ⅛ | ૩૫ | ૨૦ | ૧૨ | ૫ |
| ટાઇટલ પેજ:— | | | | |
| ચોથુ પેજ:— | ૩૨૫ | ૧૭૫ | ૧૦૦ | ૩૫ |
| ત્રીજું પેજ:— | ૨૫૦ | ૧૩૦ | ૭૦ | ૨૫ |

આપ આજે જ "બુદ્ધિપ્રભા" ના ગ્રાહક બનો જાવ.

"બુદ્ધિપ્રભા" ના કોઇપણ કાર્ય અંગે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો.

**"બુદ્ધિપ્રભા કાર્યાલય"**, દાદા સાહેબની પોળ, **ખંભાત.**

આ માસિક માણેકલાલ હરજીવનદાસ શાહે "ગુજરાત ટાઇમ્સ" પ્રિન્ટીંગ પ્રેસ નડીઆદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુધ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી હિંમતલાલ છોટાલાલે ત્રણ દરવાજા ખંભાતમાંથી પ્રગટ કર્યું.